RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 9 * Issue No. 161* Date: 01.04.2023, Saturday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ડિગ્રીની માંગ:

## અરવિંદ કેજરીવાલને ગુજરાત હાઇકોર્ટે દંડ ફટકાર્યો

અમદાવાદ,તા.૩૧

ગુજરાત હાઈકોર્ટે દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને ૨૫ હજાર રૂપિયાનો દંડ ફટકાર્યો છે. અરવિંદ કેજરીવાલે જીયુ અને ડીયુ પાસે પીએમ મોદીની ડિગ્રીની કોપી માગવા બદલ કેજરીવાલને આ દંડ ફટાકારાયો છે. સાથે જ હાઈકોર્ટે ચીફ ઈન્ફોર્મેશન કમિશનરના આદેશને પણ રદ્દ કર્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સ્નાતક ડિગ્રીની માહિતી રજૂ કરવા આદેશ કરાયો હતો. ચીફ ઈન્ફોર્મેશન કમિશનરે ગુજરાત યુનિ. અને પીએમઓના પબ્લિક ઈન્ફોર્મેશન અધિકારીને આદેશ કર્યા હતા. જસ્ટિસ બિરેન વૈષ્ણવની બેન્ચે અરજી ફગાવી કેજરીવાલને દંડ ફટકાર્યો છે.

વડાપ્રધાન મોદીએ તેમની માસ્ટર્સની ગુજરાત યુનિવર્સિટીમાંથી અને ગ્રેજ્યુએશનની ડિગ્રી દિલ્હી યુનિવર્સિટીમાંથી મેળવી હતી. તેથી અરવિંદ કેજરીવાલે મોદીની શૈક્ષણિક ડિગ્રીઓ મેળવવા માટે સેન્ટ્રલ ઈન્ફર્મેશન કમિશનરમાં અરજી કરી હતી. જેમાં સીઆઈસીએ ૨૦૧૬માં વડાપ્રધાન કાર્યાલયના માહિતી અધિકારીઓને હુકમ કર્યો હતો કે, કેજરીવાલે માંગેલી ડિગ્રીઓ તેમને પૂરી પાડવામાં આવે. સીઆઈસીના આ હુકમથી નારાજ થઈ ગુજરાત યુનિવર્સિટીએ હાઈકોર્ટમાં રિટ અરજી કરી હતી.સીઆઈસીના આદેશ સામે ગુજરાત યુનિવર્સિટીની અપીલને મંજૂરી આપતા, જસ્ટિસ બિરેન વૈષ્ણવે કેજરીવાલ પર રૂ. ૨૫,૦૦૦નો દંડ પણ લગાવ્યો હતો





અને તેમને ચાર અઠવાડિયાની અંદર ગુજરાત સ્ટેટ લીગલ સર્વિસીસ ઓથોરિટી પાસે રકમ જમા કરાવવા જણાવ્યું હતું. જસ્ટિસ વૈષ્ણવે કેજરીવાલના વકીલ પર્સી કવિનાની વિનંતી છતાં તેમના આદેશ પર સ્ટે મૂકવાનો ઈનકાર કર્યો હતો. એપ્રિલ ૨૦૧૬માં તત્કાલિન કેન્દ્રીય માહિતી કમિશનર એમ શ્રીધર આચાર્યુલુએ દિલ્હી યુનિવર્સિટી અને ગુજરાત યુનિવર્સિટીને કેજરીવાલને મોદીને મળેલી ડિગ્રી વિશે માહિતી આપવાનો નિર્દેશ આપ્યો હતો. ત્રણ મહિના પછી, ગુજરાત હાઈકોર્ટે સીઆઈસીના આદેશ પર સ્ટે મૂક્યો હતો જ્યારે યુનિવર્સિટીએ આદેશ સામે કોર્ટમાં અરજી કરી હતી.

આ આદેશ કેજરીવાલે આચાર્યુલુને લખેલા પત્રના એક દિવસ બાદ આવ્યો હતો, જેમાં જણાવ્યું હતું કે તેમના સત્તાવાર રેકોર્ડને સાર્વજનિક કરવામાં તેમને કોઈ વાંધો નથી અને તેઓ આશ્ચર્યચકિત છે કે કમિશન મોદીની શૈક્ષણિક લાયકાત વિશે પૂછપરછ કરશે. તે માહિતી શા માટે "છુપાવવા" માંગે છે? પત્રના આધારે આચાર્યુલુએ ગુજરાત યુનિવર્સિટીને કેજરીવાલને મોદીની શૈક્ષણિક લાયકાતનો રેકોર્ડ આપવાનો નિર્દેશ આપ્યો હતો. અગાઉની સુનાવણી દરમિયાન, ગુજરાત યુનિવર્સિટીએ સીઆઈસીના આદેશ સામે સખત વાંધો ઉઠાવતા કહ્યું હતું કે માહિતી અધિકાર કાયદા હેઠળ કોઈની "બેજવાબદાર બાલિશ જિજ્ઞાસા" જાહેર હિતનું નિર્માણ કરી શકે નહીં.

ફેબ્રુઆરીમાં છેલ્લી સુનાવણી દરમિયાન, યુનિવર્સિટી તરફથી હાજર રહેલા સોલિસિટર જનરલ તુષાર મહેતાએ દાવો કર્યો હતો કે તેમાં છુપાવવા જેવું કંઈ નથી કારણ કે વડા પ્રધાનની ડિગ્રી વિશેની માહિતી "પહેલેથી જ પબ્લિક ડોમેનમાં" હતી અને યુનિવર્સિટીએ પહેલાથી જ માહિતી આપી દીધી હતી. ચોક્કસ તારીખે મારી વેબસાઈટ પર જાહેર.

સીઆઈસીના આદેશનું પાલન ન કરવા માટે આરટીઆઈ કાયદા હેઠળ આપવામાં આવેલા અપવાદોને ટાંકીને, મહેતાએ એવી પણ દલીલ કરી હતી કે આરટીઆઈ કાયદાનો ઉપયોગ "નિર્દેશિત હિતોને આગળ વધારવા" અને હરીફો પર "બાલિશ હુમલો" કરવા માટે કરવામાં આવી રહ્યો છે. આરટીઆઈ એક્ટની કલમ ૮ હેઠળ આપવામાં આવેલી છૂટ અંગે સુપ્રીમ કોર્ટ અને અન્ય હાઈકોર્ટ દ્વારા આપવામાં આવેલા કેટલાક અગાઉના ચુકાદાઓનો ઉલ્લેખ કરતા મહેતાએ એમ પણ કહ્યું હતું કે કોઈ વ્યક્તિ ફક્ત તેના વિશે ઉત્સુક હોવાને કારણે તેની અંગત માહિતી માંગી શકે નહીં.

આ સમાચાર પર પ્રતિક્રિયા આપતા, દિલ્હીના સીએમ અરવિંદ કેજરીવાલે માઈક્રો-બ્લોગિંગ વેબસાઈટ ટ્વિટર પર કહ્યું, "શું દેશને એ જાણવાનો અધિકાર પણ નથી કે તેમના પીએમએ કેટલો અભ્યાસ કર્યો છે? તેમણે કોર્ટમાં ડિગ્રી બતાવવાનો ઉગ્ર વિરોધ કર્યો. શા માટે?" અને તે જેઓ તેમની ડિગ્રી જોવા માંગે છે તેમને દંડ થશે? શું થઈ રહ્યું છે

ગુજરાત યુનિ.દ્વારા વડાપ્રધાન નરેન્દ્ર મોદીની એમ.એ પરીક્ષાના પરિણામનો રેકોર્ડ ઓનલાઈન જાહેર કરવામાં આવ્યો હતો.

જે મુજબ નરેન્દ્ર મોદીએ ૧૯૮૧થી ૧૯૮૨ દરમિયાન એમ.એ ઈન પોલિટિકલ સાયન્સ એક્સટર્નલમાં કર્યું હતું. જેમાં વેબસાઈટ પર જાહેર થયેલા રેકોર્ડ મુજબ નરેન્દ્ર મોદીએ પાર્ટ-૧ અને પાર્ટ-૨ એમ બંને પરીક્ષામાં કુલ ૮૦૦માંથી ૪૯૯ માર્કસ મેળવીને ફર્સ્ટ ક્લાસ ગ્રેડ મેળવ્યો હતો. તમે નહીં માનો પણ મોદી પીએમની પરીક્ષામાં જેમ ફસ્ટક્લાસમાં પાસ થયા છે તેમ એમએની પરીક્ષામાં પણ ફસટક્લાસમાં પાસ થયા હતા.

## દેશમાં છેલ્લા ૧૦ વર્ષમાં મહિલાઓ ઉપર અત્યાચારના બનાવમાં વધારો થયો છે

નવીદિલ્હી,તા.૩૧

દિલ્હીના જંતર-મંતર પર ૧૫૦ મહિલાઓએ હરિયાણાના ભૂતપૂર્વ રમતગમત મંત્રી અને ભાજપના ધારાસભ્ય સંદીપ સિંહ વિરુદ્ધ વિરોધ પ્રદર્શન કર્યું હતું. સંદીપ સિંહ પર જુનિયર મહિલા કોચ પર યૌન શોષણનો આરોપ છે. પ્રદર્શનકારી મહિલાઓ સંદીપ સિંહની તાત્કાલિક ધરપકડની માગ કરી રહી છે. આ માટે તેમણે રાષ્ટ્રપતિ દ્રૌપદી મૂર્મને એક પત્ર મોકલ્યો છે, જેમાં ૩૦,૦૦૦ લોકોની સહી કરવામાં આવી છે. નેતાઓને વિવાદો સાથે જૂનો સંબંધ છે. ઘણીવાર પાર્ટીના નેતા પર યૌન શોષણ જેવા ગંભીર આરોપો લાગ્યા છે. આ કિસ્સાઓમાં ઘણી વખત આરોપીઓ કરતાં નેતાઓ દોષિત સાબિત થયા અને તેમને સજા પણ થઈ છે.

વર્ષ ૨૦૧૭માં, ઉત્તર પ્રદેશના બાંગરમાઉના ધારાસભ્ય કુલદીપ સિંહ સેંગર અને તેના સહયોગીઓએ એક સગીરાનું અપહરણ કરીને સામૂહિક બળાત્કાર કર્યો હતો. યુવતીને જાનથી મારી નાખવાની ધમકી આપીને ચૂપ કરાવી દીધી હતી. પરંતુ જ્યારે યુવતીએ કેસ દાખલ કર્યો ત્યારે એસઆઈટીએ તેની તપાસમાં કહ્યું કે, ધારાસભ્ય વિરુદ્ધ પૂરતા પુરાવા નથી. ઉલટાનું બાળકીના પિતા સામે કાર્યવાહી કરવામાં આવી હતી અને બાદમાં તેમનું મૃત્યુ થયું હતું. આ તમામ બાબતોથી કંટાળીને પીડિતાએ સીએમ યોગીના આવાસની સામે આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો. આ કેસ સીબીઆઈને સોંપવામાં આવ્યો અને સેંગરની ધરપકડ કરવામાં આવી. આ દરમિયાન પીડિતા અને તેના પરિવારનો અકસ્માત થયો, જેમાં પીડિતાની કાકી અને મામાનું મૃત્યુ થયું. પીડિતા અને તેના વકીલ ગંભીર રીતે ઘાયલ થયા હતા. પીડિતાના પરિવારનો આરોપ છે કે, જો તે સમાધાન નહીં કરે તો સેંગર તેને મારી નાખવાની ધમકી આપતો હતો.

ન્યાય ન મળવાની સ્થિતિમાં પીડિતાએ તત્કાલિન ચીફ જસ્ટિસ રંજન ગોગોઈને પત્ર લખ્યો હતો, જેના પછી સીબીઆઈએ સુપ્રીમ કોર્ટની દેખરેખ હેઠળ તપાસ હાથ ધરી હતી. ૨૦ ડિસેમ્બર ૨૦૧૯ ના રોજ સુપ્રીમ કોર્ટે સેંગરને દોષિત ઠેરવ્યો અને આજીવન કેદની સજા અને ૨૫ લાખનો દંડ ફટકાર્યો હતો.

વર્ષ ૨૦૧૧માં પૂર્વ કેન્દ્રીય ગૃહ રાજ્ય મંત્રી સ્વામી ચિન્મયાનંદ વિરુદ્ધ શાહજહાંપુરમાં લોની વિદ્યાર્થી દ્વારા બળાત્કારની ફરિયાદ નોંધવામાં આવી હતી. આ કેસ દાખલ કરનાર પીડિતા ચિન્મયાનંદની શિષ્ય હતી. આ મામલામાં SITએ ચિન્મયાનંદની તેમના જ આશ્રમમાંથી ધરપકડ કરી હતી અને તેમને ૧૪ દિવસની જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલી દીધા હતા. SITએ પોતાની પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું કે, ચિન્મયાનંદે તમામ આરોપો સ્વીકારી લીધા છે. હાલમાં ચિન્મયાનંદ વિરુદ્ધ કોર્ટમાં કેસ ચાલી રહ્યો છે અને બિનજામીનપાત્ર વોરંટ ચાલી રહ્યું છે. કોર્ટમાં હાજર ન થવાના કારણે તેને ભાગેડુ જાહેર કરવામાં આવ્યો છે.

૨૦૧૧માં એક મહિલાએ ગુજરાતના પૂર્વ ધારાસભ્ય જયંતિ ભાનુશાળી પર અનેકવાર બળાત્કાર કરવાનો આરોપ લગાવ્યો હતો. મહિલાએ દાવો કર્યો હતો કે ભાનુશાળીએ તેને વચન આપ્યું હતું કે તે તેને પ્રતિષ્ઠિત ફેશન ડિઝાઈનિંગ કોલેજમાં પ્રવેશ અપાવશે. જયંતિ ભાનુશાળીએ આરોપોને નકારી કાઢ્યા અને દાવો કર્યો કે તેમની છબી ખરાબ કરવામાં આવી રહી છે. બાદમાં જયંતિ ભાનુશાળીની ચાલતી ટ્રેનમાં હત્યા કરી દેવામાં આવી હતી.

જોધપુરની સરકારી હોસ્પિટલમાં નર્સ તરીકે કામ કરતી ભંવરી દેવીનું સપનું એક્ટ્રેસ બનવાનું હતું. આ કારણે તે ઘણીવાર તેની ડ્યુટી પર જવાની બદલે શૂટિંગ માટે જતી હતી. આ સ્થિતિમાં તેમને નોકરીમાંથી સસ્પેન્ડ કરવામાં આવી હતી.

નોકરી પરત મેળવવાના સંબંધમાં કોંગ્રેસના ધારાસભ્ય મલખાન સિંહે તેમને જળ સંસાધન મંત્રી મહિપાલ મદેરણા સાથે મુલાકાત કરાવી હતી. મંત્રીની ભલામણ પર ભંવરીનું સસ્પેન્શન પાછું ખેંચવામાં આવ્યું હતું અને તેણીને નવી જગ્યાએ પોસ્ટ કરવામાં આવી હતી. ભંવરી ધીરે-ધીરે બંને નેતાઓની ખૂબ નજીક આવી ગઈ હતી.મોટા-મોટા લોકો સાતે બેસવા-ઊઠવાને લીધે ભંવરી દેવીએ વિધાનસભાની ટિકિટ માગવાનું શરૂ કર્યું. જ્યારે તેણીને ટિકિટ ન મળી ત્યારે તેણીએ બંને નેતાઓને બ્લેકમેલ કરવાનું શરૂ કર્યું અને કહ્યું કે તેમની પાસે સીડી છે, જો જાહેર કરવામાં આવશે તો ત્રણ દિવસમાં સરકાર પડી જશે. દરમિયાન એક દિવસ ભંવરીની હત્યા થઈ ગઈ.

ઘણી તપાસ બાદ અશોક ગેહલોત સરકારમાં કેબિનેટ મંત્રી રહેલા મદેરનાને ભંવરી દેવી અપહરણ અને હત્યા કેસમાં જેલમાં જવું પડ્યું હતું. ૨૦૧૧માં તેમની ધરપકડ બાદ તેમને મંત્રી પદ પરથી હટાવી દેવામાં આવ્યા હતા. આ કેસમાં મદેરણા નવ વર્ષ સુધી જેલમાં રહ્યા હતા.

## ૬ મહિના પછી સતત બીજા દિવસે ૨૪ કલાકમાં ૩૦૦૦ નવા કેસ

નવીદિલ્હી,તા.૩૧

કોરોનાવાયરસ ફરીથી હોબાળો મચાવી શકે છે. ૬ મહિના પછી સતત બીજા દિવસે કોવિડ-૧૯ના ૩ હજારથી વધુ નવા કેસ નોંધાયા છે.કોરોના વાયરસના સક્રિય કેસોની સંખ્યા પણ વધીને ૧૫ હજારથી વધુ થઈ ગઈ છે. છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાયરસના ૩૦૯૫ નવા કેસ નોંધાયા છે. તે જ સમયે, આ સમયગાળા દરમિયાન વાયરસના કારણે ૨ લોકોના મોત થયા છે. ગોવામાં એક અને ગુજરાતમાં એક દર્દીનું મોત થયું છે. આ સિવાય છેલ્લા ૧ દિવસમાં ૧૩૯૦ લોકો સ્વસ્થ થયા છે. લોકોને કોવિડ-૧૯ પ્રોટોકોલનું પાલન કરવાની અપીલ કરવામાં આવી રહી છે.

દેશભરમાં રસીકરણ અભિયાન હેઠળ અત્યાર સુધીમાં કુલ ૨૨૦.૬૫ કરોડ ડોઝ આપવામાં આવ્યા છે. તેમાં ૯૫.૨૦ કરોડ સેકન્ડ ડોઝ અને ૨૨.૮૬ કરોડ પ્રીકોક્શન ડોઝનો પણ સમાવેશ થાય છે. છેલ્લા ૨૪ કલાકમાં પણ લોકોને એન્ટી-કોરોના રસીના ૬,૫૫૩ ડોઝ આપવામાં આવ્યા છે. ભારતમાં હાલમાં કોરોનાના ૧૫,૨૦૮ સક્રિય કેસ છે.ભારતમાં હાલમાં કોરોના વાયરસનો રિકવરી રેટ ૯૮.૭૮ ટકા છે. છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાયરસના ૧,૩૯૦ દર્દીઓ સ્વસ્થ થયા છે. કોરોનામાંથી સાજા થયેલા દર્દીઓની કુલ સંખ્યા ૪,૪૧,૬૯,૭૧૧ પર પહોંચી ગઈ છે. જો કે છેલ્લા ૧ દિવસમાં ૩ હજારથી વધુ નવા કેસ સામે આવતા ચિંતા વધી ગઈ છે.

## રામ નવમી પર ગંગા સ્નાન કરવા ગયેલા ૩ યુવકો ડૂબ્યા, સીએમ નીતિશ કુમારે ૪-૪ લાખની સહાયની જાહેરાત કરી

પટણા,તા.૩૧

બિહારના રાજધાની પટનાના મોકામા જેવી રીતે રામનવમીના દિવસે નદીમાં ડૂબવાથી ત્રણ યુવકની મૃત્ય થયા તેના પર મુખ્યમંત્રી દુખ વ્યક્ત કર્યુ હતુ. નીતિન કુમારે આ ઘટનાને દુખદ ગણાવતા તેમના પરિવાર જનોને સહાય આપવાની જાહેરાત કરી હતી.

મુખ્યમંત્રીએ મૃતકના પરિજનોને ૪-૪ લાખ રૂપિયા સહાય આપવાની જાહેરાત કરી હતી.

મુખ્યમંત્રએ ટ્વીટ કરીને લખ્યુ કે, પટનાના મોકામા થાણા વિસ્તારમાં મેકરામાં ગંગા નદીમાં ૩ લોકોના ડૂબવાથી મૃત્યુ દુખદ છે. શોક સંતપ્ત અને પરિવારજનોને દુખ સહન કરવાની શક્તિ આપવાની પ્રાથના ઈશ્રવને ને કરી છે. તમામ મૃતકોના નજીકના પરિજનોને સહાયની આપવાની જાહેરાત કરવામાં આવી છે.

જણાવી દઈએ કે, મોકામાના પ્રખંડના મેગરા ગામમાં રામ નવમીના અવસર પર પાંચ મિત્રો નદીમા સ્નાન કરવા માટે ગયા હતા. પરંતુ આ દરમિયાન યુવકોની ગંગામાં ડૂવાથી મોત થઇ ગઇ હતી. આ ઘટના બાદ વિસ્તારમાં હડકંપ મચી ગયો હતો.

મૃતકોની ઓળખ શ્યામ કુમાર, શિવમ કુમાર, આયુષ કુમાર તરીકે થઇ હતી. ત્રણ શબો મળી આવ્યા છે.

મામલાની જાણકારી સ્થાનિક પોલીસને આપી દેવામાં આવી છે. શબને પોસ્ટમોર્ટમ માટે મોકલી દેવામા આવ્યા છે.

રિપોર્ટ અનુસાર રામનવમીના અવસર પર ગંગા નદીમાં સ્નાન માટે ઘણઆ લોકોમેકર સ્થિત ગંગા નદી પહોચ્યા હતા.

આ દરમિયાન આ દુર્ઘટના બની હતી. અંહિયા પાંચ દોસ્ત ગંગા સ્નાન માટે આવ્યા હતા. પરતુ યુવકોને ઉડાઇને અંદાજ ના લગાવી શક્યા જ્યા સુધીમાં તે કઇ સમજી શકે ત્યાર સુધીમાં તે ડૂબવા લાગ્યા હતા.

જો કે રામનવમીના લીધે અંહિયા લોકો પણ હાજર હતા. જેના લીધે બે યુવકોને બચાવી લેવામા આવ્યા પરંતુ ત્રણ યુવકોના મૃત્યુ થયા છે.

### અમૃતપાલ સિંહ મુદ્દે પ્રથમ વખત ગૃહમંત્રીની પ્રતિક્રિયા

## પંજાબ સરકાર આ મામલે જે પણ કાર્યવાહી કરવા માંગે છે કેન્દ્ર સરકાર તેમાં સાથ આપશે

નવીદિલ્હી,તા.૩૧

કેન્દ્રીય ગૃહમંત્રી અમિતશાહે અલગતાવાદી નેતા અમૃતપાલસિંહ લઈને મૌન તોડ્યું છે. વારિસ પંજાબ દેના પ્રમુખ અમૃતપાલસિંહના કેસ પર બોલતા અમિત શાહે કહ્યું કે પંજાબ સરકાર આ મામલે જે પણ કાર્યવાહી કરવા માંગે છે કેન્દ્ર સરકાર તેમાં સાથ આપશે. જ્યારે કોઈ રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ હોય ત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકાર પક્ષીય રાજકારણથી ઉપર ઉઠશે.



ગૃહમંત્રી અમતિશાહે અમૃતપાલ મુદ્દે મહત્વપૂર્ણ નિવેદન આપતા કહ્યું કે કોઈનો દોષ આપવો ખૂબ જ વહેલું છે. આવી બાબત પર જાહેરમાં કંઈ કહેવા માંગતો નથી. જો કે આ કેસમાં કડક કાર્યવાહી કરવામાં આવશે. લોકોની મોટી સંખ્યામાં ધરપકડ કરવામાં આવી છે અને હથિયારો પણ જપ્ત કરવામાં આવ્યા છે. આ કેસમાં એજન્સીઓ અને પોલીસ બંને સઘન કાર્યવાહી કરી રહ્યા છે. પોલીસ કોઈને છોડશે નહિ. પંજાબમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ ના ડહોળાય તેનું ખાસ ધ્યાન રાખવામાં આવશે. પંજાબ સરકારના તમામ નિર્ણયોમાં અમે તેમની સાથે છીએ. કેન્દ્ર તેમને પૂર્ણ સહયોગ આપશે.

વારિસ પંજાબ દેના પ્રમુખ અને અલગતાવાદી નેતા અમૃતપાલસિંહ હજુ પણ પોલીસ પકડથી બહાર છે. પોલીસ દ્વારા તેની શોધખોળ ચાલુ છે. ધરપકડ અને શરણાગતિની અફવાઓ વચ્ચે અમૃતપાલ સિંહે બુધવારે એક વીડિયો સંદેશ જારી કર્યો હતો. આ વીડિયોના માધ્યમથી તેમણે જણાવ્યું હતું કે તેઓ સંપૂર્ણ સ્વસ્થ છે. અલગતાવાદી નેતાએ નિર્દોષ યુવાનોની ધરપકડ કરવા બદલ પંજાબ સરકારની ઝાટકણી કાઢી હતી. પોલીસ પર આકરા પ્રહાર કરતાં કહ્યું કે સરકાર દ્વારા શીખો પર અત્યાચાર કરવામાં આવી રહ્યો છે અને શીખોને બદનામ કરવાના પ્રયાસો થઈ રહ્યા છે. અમૃતપાલે શીખ સંતોને સરકાર સામે અવાજ ઉઠાવવા અપીલ કરી હતી. અલગતાવાદી નેતાએ શીખ સંતોને વૈશાખી પર એકઠા થવા વિનંતી કરી હતી જેથી શીખોને બદનામ થતા રોકી શકાય.અમૃતપાલ સિંહ અમૃતસરના સુવર્ણ મંદિરમાં પ્રવેશે તેવી સંભાવના છે. જેનાથી લોકોની ધાર્મિક ભાવનાઓ ભડકી શકે છે. જેને લઈને નવનિયુક્ત ઢઝઁએ અમૃતસર જિલ્લાની સીમાઓ પર સુરક્ષા વધારી દીધી છે. ઉલ્લેખનીય છે કે, જો કે ધરપકડની આશંકાના આદેશ બાદ તે ગાયબ થઈ ગયો છે. તે સતત વેશપલટો કરીને ભટકતો રહે છે. તાજેતરમાં તેની જે તસવીરો સામે આવી તેમાં પણ તે દાઢી વગર જ દેખાયો હતો.

NEWS OF GANDHINAGAR_P-2

## તંત્રી સ્થાનેથી...

# ભૂટાનની વક્રવાણી

ક્યારેક ભારતના અભિન્ન મિત્ર મનાતા ભૂટાનને કૂટનીતિક જાળમાં ફસાવવાની ચીનની કુત્સિત કોશિશો રંગ લાવી હોવાનું જણાય છે. ચીન સતત ભારતની ચારેબાજુ આવેલા એ દેશોને પોતાના તરફ ખેંચવાનાં કાવતરાં કરતું રહ્યું છે જેની સાથે ભારતના સદીઓથી મધુર, કારોબારી અને કૂટનીતિક સંબંધ રહ્યા છે. નેપાળ બાદ હવે ભૂટાન પણ એ દેશોની યાદીમાં સામેલ થતું દેખાઈ રહ્યું છે, જે ચીની દબાણમાં ભારતીય હિતોને બાજુ પર રાખવા તૈયાર છે. હાલમાં જ ભૂટાનના વડાપ્રધાન લોટે શેરિંગે બેલ્જિયમના એક અખબારને આપેલ ઈન્ટરવ્યૂમાં ભૂટાન સરકાર દ્વારા આપવામાં આવેલ નિવેદનથી વિપરીત કહ્યું કે ભૂટાનની નજીક ચીને જે ગામ બનાવ્યા છે, તે ભૂટાનની સીમામાં નથી. જ્યારે ૨૦૨૦માં કહેવામાં આવ્યું હતું કે ચીન ભૂટાનની સીમાની અંદર કેટલાંક ગામ બનાવી રહ્યું છે. ભૂટાનના વડાપ્રધાનના આ નિવેદનથી ભારતના માથે ચિંતાની રેખાઓ ખેંચાઈ છે. મુશ્કેલી એ છે કે ભૂટાની વડાપ્રધાને સીધાસપાટ શબ્દોમાં કહ્યું કે અમને અમારી સીમાઓનું ભાન છે. આ એક આંતરરાષ્ટ્રીય સીમા છે અને અમારી સીમા પર કોઈ પ્રકારની દખલ નથી થઈ. બીજી તરફ આ ક્ષેત્રની ભૌગોલિક સ્થિતિની જાણકારી ધરાવતા વિશેષજ્ઞો કહી રહ્યા છે કે આ નિવેદન તાર્કિક નથી અને ચીનના દબાણમાં આ વાત કહેવાઈ રહી છે. વિશેષજ્ઞ માને છે કે ચીન દ્વારા બનાવવામાં આવેલ ગામ સ્પષ્ટ રૂપે ભૂટાનની પશ્ચિમી, ઉત્તરી અને ઉત્તર-પૂર્વી સીમા પર સ્થિત છે.

ચિંતાની વાત એ પણ છે કે લોટે શેરિંગે ત્યાં સુધી કહ્યું કે ડોકલામ વિવાદ માત્ર ભૂટાનનો જ નથી, પરંતુ આ મુદ સાથે ચીન અને ભારત પણ જોડાયેલા છે. કૂટનીતિક વિશેષજ્ઞ લોટે શેરિંગના આ નિવેદનને જાન્યુઆરીમાં ચીનમાં ભૂટાની અને ચીની અધિકારીઓ વચ્ચે સીમા મુદ્દે થયેલ વાતચીતના પરિણામ રૂપે જોઈ રહ્યા છે. કહેવાય છે કે બેઠકમાં સીમા સંબંધી વિવાદ ઉકેલવાની રૂપરેખા પર ચર્ચા થઈ. ત્યારબાદ બંને દેશો દ્વારા અપાયેલ નિવેદનમાં બેઠકમાં થયેલ સહમતિઓને મૂર્ત રૂપ આપવા બાબતે પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. ભારતની દષ્ટિએ આ સ્થિતિ ચિંતાજનક જ કહેવાશે કે ચીની દબાણમાં ભૂટાન સ્વીકારવા લાગ્યું છે કે વાસ્તવમાં તેની સીમા પર બનાવેલાં ગામ ચીનની સીમામાં આવેલાં છે. આ સ્થિતિ વ્યૂહાત્મક દષ્ટિએ ભારત માટે જટિલ અને પડકારજનક બની રહી છે. ઉલ્લેખનીય છે કે ૨૦૧૭માં ભૂટાને ડોકલામમાં ચીન દ્વારા ગેરકાયદે નિર્માણનો આરોપ લગાવ્યો હતો. જ્યારબાદ લાંબા સમય સુધી ભારત અને ચીની સૈનિકો ત્યાં તૈનાત રહ્યા હતા. જોકે એક હકીકત એ પણ છે કે ભૂટાન ભૂતકાળમાં ભારત સાથે થયેલ એ સંધિના પાલન માટે બંધાયેલું છે જેમાં ભારતની સુરક્ષા ચિંતાઓને દષ્ટિગત તે ત્રીજા દેશ સાથે સીમા સંબંધી સમજૂતી ન કરી શકે. ભૂટાનમાં ચીનની દખલ ભારતીય હિતો પર આક્રમણની પરોક્ષ નીતિ જ છે. જેના દ્વારા તે ભારત પર વ્યૂહાત્મક સરસાઈ લેવા માટે ષડયંત્રો કરી રહ્યું છે. અસલમાં ભૂટાનમાં એક એવા વર્ગનો ઉદય હાલના વર્ષોમાં થયો છે જે માને છે કે ચીન સાથે નજદિકી સંબંધોથી વિકાસ અને કારોબારમાં તેજી આવશે.

# ગધેડાની ઘટતી જતી વસ્તી વધારવા આટલું કરો. પ્લીઇઇઝ !!!

ગધેડું માનવજીવનમાં ઓતપ્રોત થઇ ગયું છે. જેમ બરફના ગોળા પર કલર નાંખે અને કલર બરફમાં ઓતપ્રોત થઉં જાય, બરફ તેની ધવલતાનો લોપ કરી કલરમાં ઓગળી જાય તેમ અદ્વૈત સાધે છે!!( સ્પષ્ટતા- અત્રે ચોપગા ગધેડા અભિપ્રેત છે. બીજું બધું વિચારવાની છૂટ છે!!) ગધેડાને ગદર્ભ,ખર, વેશાખનંદન કહેવામાં આવે છે.અમરકોષમાં ગધેડાને બાલેય,રાસભ, ચક્રીવંત, ગદહા, શંકીકર્ણ,ધૂસર, શીતલાવાહન નામે ઓળખાતા હતા.

પુરાણકાળમાં ગાયની જેમ ગધેડા પણ દાનમાં આપવામાં આવતા હતા.બ્રાહ્મણો ખુશી ખુશી ગધેડાનું દાન સ્વીકારતા હતા.ઉચ્ચ આચાર્યો પોતાનું નામ ગદર્ભીમુખ કે ગદર્ભવિપિત રાખતા હતા.રાવણના ભાઇનું નામ ખર હતું!!ઋષિ વિશ્વામિત્રના પુત્રનું નામ ગદર્ભી હતું. રાજાના નામ પણ ખર રહેતા. વલ્લભી રાજ્યના શાસક ખર ગ્રહ પહેલો અને ખરગ્રહ બીજો તરીકે જાણીતા હતા.

વેદકાળમાં રથને ઘોડા તેમજ ગધેડા જોડવામાં આવતા હતા .એવું પણ કહેવામાં આવે છે કે માતા સિતાજીનું અપહરણ કરવા જતી સમયે રાવણ મારિચી પાસે ગયો ત્યારે પિશાચનાં જેવા મુખવાળા ગધેડા જોડેલા રથમાં બેસીને ગયો હતો. રાવણપુત્ર મેઘનાદ શ્રેષ્ઠ ગધેડા જોડેલા રથમાં સવાર થઈને યુધ્ધભૂમિમાં ગયો હતો!!રાવણ પાસે યુધ્ધમાં ૬૦ કોટિ ગધેડા ,ઊંટ અને અશ્વો હતા.પ્રબંધકોષમાં ગદર્ભભિલ્લ અને ગદર્ભવિધ્યાનો ઉલ્લેખ છે.પંજાબમાં ગધેડા પાળનારને ખરબંદા કહેવામાં આવે છે. હિન્દી ફિલ્મોમાં કુલભૂષણ ખરબંદા વર્સેટાઇલ એકટર છે!!

આપણા કકકા-બારાખડીમાં પણ ‘ગ ‘ગધેડાનો ગ એમ ભણાવવામાં આવે છે.

શૈશવકાળથી આજ દિન સુધીમાં દરેક વ્યકિતને નાત, જાત, લિંગ, ધર્મના ભેદભાવ વિના એકથી વધુવાર ગધેડાનો ઈલ્કાબ જાહેર કે ખાનગી રાહે એનાયત થયેલ હોય છે!!

ગધેડું ગમે તેટલું ઉધમી હોય, વેઈટલિફ્ટર હોય, એથ્લેટ હોય પણ દેવીદેવતાના વાહન માટે પસંદગીનો કળશ તેના પર ઢોળવામાં આવેલ નથી. રાજાની પસંદગી માટે કિલ્લાના દરવાજા ખુલ્લે અને દરવાજામાં પ્રવેશ કરનાર કોઇ પક્ષ આગંતુક પર હાથણી કળશ ઢોળે એ વ્યકિત આમ આદમીમાંથી ખાસમખાસ-રાજા બની જાય. રાજવી પસંદ કરવા માટે ગધેડાની સેવા આઉટસોર્સિંગમાં કદી લેવામાં આવતી નથી. કોઇની બેઈજ્જતી કરવા માટે મોઢે કાળો રંગ લગાડી ગળામાં ખાસડાંનો હાર પહેરાવી ગધેડા પર અવળા પગે બેસાડી સરઘસ કાઢવામાં આવે છે!!

ગધેડાને વાણી, વર્તન અને વ્યવહારમાં સતત અન્યાયબોધથી નવાજવામાં આવે છે. જેમ કે વાઘ-સિંહનું રહેઠાણ બોડ, ઉંદરનું દર, કૂતરાનું કેનાલ, ગાયની ગમાણ, સાપનું ભોણ. પણ ગધેડાનું ?? બિચારો ગધેડો રહેઠાણ વિનાનો ખેતમજૂર છે!!! પ્રધાનમંત્રી આવાસ યોજનામાં ગધેડાને રહેઠાણ માટે અગ્રતા આપવાનો સમય પાકી ગયો છે.આપણને મોરનો કેકારવ ગમે છે. કોયલનું કૂહું કૂહું ગમે છે. પોપટનું સિતારામ બોલવું ગમે છે. બુલબુલ, દૈયડ, બપૈયા, ગાય ઈવન કૂતરાનું ભસવું ગમે છે. પણ ગધેડું સારેગમને આત્મસાત કરી હોંચી હોંચીનું ગીત યમન કલ્યાણમાં ગ્વાલિયર ઘરાનામાં લલકારે છે તો આપણે તીન તાલમાં લાઠીરાગ આલાપીએ છીએ. આવું શા માટે ? શું તેને અભિવ્યક્તિનું સ્વાતંત્ર્ય નથી??શું તેને બંધારણીય અધિકાર નથી. તેના હક્કોના હનન માટે બંધારણીય ઉપચારો ન મળવા જોઇએ??

આપણે ત્યાં બહારગામ જતી સમયે કે શુભ પ્રસંગોએ વાછડી, ગાય, કુમારિકા કે સધવાના શુકન લેવામાં આવે છે. પણ ખોલકા, ખર કે ગધેડીના શુકન લેવામાં આવતા નથી.!!

ગધેડાના બચ્ચાંને ખોલકુ કહેવાય છે. ગધેડાને ખોલકા વ્હાલા લાગે છે જેમ સીદીભાઇને સીદકા વ્હાલા હોય છે.

સાહિત્યમાં ગધેડાને પૂરું સ્થાન મળેલ છે. ઘણી વાર્તા ગધેડા પર કેન્દ્રિત હોય છે.કહેવતોમાં ગધેડાને તાવ આવવો, ગધેડા પર અંબાડી, ગરજે ગધેડાને બાપ કહેવો, કીધો કુંભાર ગધેડે ન ચડે, કુંભાર કરતા ગધેડા ડાહ્યા, ગધેડા આગળ ગાજર લટકાવવું,ગધેડાની કોટે હીરો બાંધવો વગેરે.

ગધેડાઓમાં નજર લાગવા કે શુકન અપશુકનનું ચલણ હશે કે કેમ તેની ખબર નથી. કોઇ ગધેડું ફોટ પાડે તો ખબર પડે. પણ દેશ અને ગુજરાતમાં ગધેડાની સંખ્યામાં ધરખમ ઘટાડો થયો છે. ગધેડાની વસ્તી ૭૧% જેટલી ઘટી છે. આ સમાચાર સાંભળીને અમારા રાજુ રદીના હોંશ ઊડી ગયા છે.

માનો કે પોતાની વસ્તી ઘટી ગઇ તેટલો આઘાત લાગ્યો છે!! હવે થયું તે થયું. આપણે કારણના મડદા ચૂંથવા નથી.ગધેડાની વસ્તી વધે એ માટે સામુહિક પ્રયત્નો કરવાની તાતી જરૂરત છે. વનબંધુની પેટર્ન પર વૈશાખીનંદનબંધુ પેકેજ જાહેર કરો. “હર હર ઘર એક ખર “નો અમલ કરો. નોકરીમાં માટે રોસ્ટર પોઇન્ટની જેમ ગદર્ભ પોઇન્ટનો અમલ કરો.પ્રમોશનમાં પણ જેમણે ખોલકાનું પાલનપોષણ કર્યું હોય તેને જ પ્રમોશન આપવાનો ધોળો કાયદો બનાવો!! ગધેડાની વસ્તી વધારવા માટે ગધેડાની લગ્ન કરવાની ન્યુનતમ વય મર્યાદામાં ઘટાડો કરો, સમુહ લગ્નોનું આયોજન કરો. ચિરંજીવી પ્રસુતિ યોજનાનો સગર્ભા ગધેડીને લાભ આપો. ગધેડા વૃધ્ધિ મંત્રાલય શરૂ કરો અને તેનો હવાલો બે પગાના બદલે ચોપગાને આપો!!

ભરત વૈષ્ણવ
૧.૪.૨૦૨૩.ઈહાસ્ય

# બે અધૂરી કથા ..

**૧.પોરાણિક કથાઃ**

**નળ અને કર્કોટક નાગ**

**કળયુગના પ્રભાવથી નળ રાજા બની ગયો. પણ એનું નળપણું ઉછાળા અવિરત ઉછાળા મારી રહયું હતું. એને પોતાના જન્મથી ખાલી પેટમાં કશુંક ઐતિહાસિક ભરવું હતું.. આ બાજુ કર્કોટક નાગને નળનો કોઠો ગમી ગયો હતો. બંનેએ પરસ્પર સહમતિ સાધી. કદાચ એમઓયું પણ કર્યા હશે.**

**અને લાલચથી ઘગઘગતો કર્કોટક નાગ નળના પેટમા પેસી ગયો. પેટમાં પેસીને એણે પગ પહોળા કર્યા.. પોતાનું ઝેર છોડવા લાગ્યો સાત આઠ વર્ષ તો બંને એકમેકનું ઝૈર ઈન્જોય કરતા ગયાં. પણ પછી કર્કોટકનું ઝેર નળની સરખામણીમાં વધુ વિષાકત બન્યું. ને નળ બાહુક બની ગયો. નળ હોવા કરતાં પણ વધારે કદરૂપો બની ગયો.. નળના ચહેરા ઉપર કર્કોટક નાગ ફુંફાડા મારીને પ્રગટ થવા લાગ્યો.. કર્કોટકનું કદ વધવા લાગ્યું અને નળ-બાહુકનું કદ ઘટવા લાગ્યું.. બાહુક વધુને વધુ કદરૂપો બનવા લાગ્યો..**

**દમંયતી વનમાં નિઃવસ્ત્રે વલવલવા લાગી..કારણકે દમયંતીને છોડતા પહેલા નળ એને સંપૂર્ણતઃ નિરાવરણ કરીને બેઠો હતો..**

**વધુ વાર્તા આવતે વરસે.......**

**આધુનિક ગબ્બરની કથા..**

**ગબ્બર એક મહાન લુંટારો હતો.. આગળ ઉલાળ પણ નહી.અને પાછળ ધરાર પણ નહી.છતાં લુંટ એની જરૂરિયાત કરતાં શોખ વધારે હતી.કદાચ એની ટોળકીની મજબુરી પણ કહી શકો.આસપાસની ટેકરીમાં રહેલ લોકો ગબ્બરને પ્રેરિત અને નિયંત્રિત કરતાં હતાં.(સલીમ જાવેદ પૈકી જાવેદ ઘણીવાર કહેતા હતાં) એ ઘણીવાર અલગ અલગ જગ્યાએ "લુંટ કળા છે કે વિજ્ઞાન?" એવા વિષયો ઉપર સેમિનાર પણ રાખતો હતો.**

**ગબ્બર પહેલા ભિખારી હતો. પછી ચોર થયો. પછી સ્વબળે એ લૂંટારો થયો હતો.. વિશ્વલૂંટારો બન્યો હતો. સલીમ જાવેદના કહેવા પ્રમાણે ગબ્બરને એક પત્નિ પણ હોવી જોઈએ. પણ હેલનના ડાન્સના મોહમાં ગબ્બર એની પત્નિને છુપાવી રાખતો હતો..**

**પણ બધા હવે કટાળ્યા હતાં. ધોળિયાની બેટીનું દહેજ એણે લૂંટી ખાધુ હતું. સૂરમા ભોપાલીની સૂરમા સહિતની આંખો વેચી ખાધી હતી.**

**ઈમામ સાહેબની મસ્જિદને મંદિરને કહી રહયો હતો. હરીરામ નાઈનો અસ્ત્રો પડાવી લીધો હતો.. અંગ્રેજોના જમાનાના જેલરનો દુરઉપયોગ કરી રહયો હતો.. બંસતી સહિત ઘન્નો ઘોડી ડ્રીપેશનમા આવી ગઈ હતી.. બસંતીની મૌસીએ મજબુરીમાં ગબ્બરની પાર્ટી જોઈન્ટ કરી લીધી હતી. રામલાલ ખુદને ઠાકુર સાહેબનું લૂંછી ને ગબ્બરનું ધોવા જવું પડતુ હતું**

**પણ હવે ખુદ ઠાકુર.. એક વિધવા વહુ, જય, વિરુ, બસંતી, ઘન્નોઘોડી , ઈમામ સાહેબ ધોળિયો, તેમજ ખુદ હેલન અને જલાલ આગા નાચવાનું છોડી ગબ્બર સામે લડવા એકઠા થવા લાગ્યા..લોઢુ ગરમ થઈ રહયું હતું.. બધા હથોડો બનાવવા બેસી ગયા હતા..**

**વધુ વાર્તા આવતા વરસે..**

**ડો. સ્વપ્રિલ કેશવલાલ મહેતા**

## ભૂકંપ બાદ તૂર્કિયેમાંથી સફરજનની નિકાસ ઠપ:પડોશી દેશોમાં કાશ્મીરી સફરજનની માગ વધી, રોજ ૧૦ ટ્રક ભરીને જાય છે

શ્રીનગર,તા.૩૧

તૂર્કિયે અને સીરિયામાં ૬ ફેબ્રુઆરીએ આવેલા વિનાશક ભૂકંપને કારણે ત્યાં સફરજનની નિકાસ પર પણ ભારે અસર પડી છે. તૂર્કિયેમાંથી સફરજનની નિકાસ હાલપૂરતી બંધ થઈ છે. આ કારણે ભારતના સ્થાનિક બજારમાં તેમજ નેપાળ અને બાંગ્લાદેશમાં કાશ્મીરી સફરજનની માંગ વધી છે. કાશ્મીરના સફરજનની ખેતી કરતાં લોકોનું કહેવું છે છેલ્લા બે મહિનથી માંગ અને ભાવ બંનેમાં વધારો થયો છે. જાન્યુઆરી સુધી દરરોજ કાશ્મીરી સફરજનથી ભરેલી લગભગ ૬-૭ ટ્રક નેપાળ જતી હતી. ફેબ્રુઆરીથી આ સંખ્યા વધીને રોજની ૧૦ ટ્રક થઈ છે. એટલે કે સપ્લાઈમાં ૮૦% સુધીનો વધારો નોંધાયો છે.

બીજી તરફ જાન્યુઆરીમાં સફરજનના ૨૦ ટ્રકો દરરોજ બાંગ્લાદેશ જતા હતા. ફેબ્રુઆરીમાં ટ્રકોની સંખ્યા વધીને ૩૦ થઇ. દરેક ટ્રકમાં ૧૫ કિલો સફરજનના ૮૦૦થી ૧૦૦૦ બોક્સ હોય છે. કાશ્મીર ફળ ઉત્પાદક અને ડીલર્સ એસોસિયેશનના અધ્યક્ષ વશીર અહમદે જણાવ્યું હતું કે, તૂર્કિયેમાં આવેલા વિનાશક ભૂકંપ બાદ ભારતનાં વિવિધ શહેરો સહિત પડોશી દેશોમાં કાશ્મીરી સફરજનની માંગ વધી છે. કાશ્મીરી સફરજનોને પશ્ચિમ બંગાળ સરહદેથી નેપાળ તેમજ બાંગ્લાદેશ મોકલાવાય છે.

દેશમાં સફરજનનું ૨૬ લાખ મેટ્રિક ટન ઉત્પાદન, કાશ્મીરમાં ૭૮ ટકાઃ ભારતમાં સફરજનનું કુલ ઉત્પાદન વાર્ષિક ૨૬ લાખ મેટ્રિક ટન છે તેમાંથી લગભગ ૭૮% ઉત્પાદન કાશ્મીરમાં થાય છે. કાશ્મીર ખીણમાં ૩.૩૮ લાખ હેક્ટરથી વધુ જમીન પર ખેતી થાય છે. તેમાંથી ૧.૬૨ લાખ હેક્ટર વિસ્તારમાં સફરજનની ખેતી થાય છે. કાશ્મીરને દર વર્ષે સફરજનમાંથી ૧૦,૦૦૦ કરોડ રૂપિયાથી વધુની આવક થાય છે.

નેપાળ અને બાંગ્લાદેશના વેપારીઓ અહીંયા આવીને કાશ્મીરી સફરજનની ખરીદી કરે છે. કાશ્મીર ડીલર્સ એસોસિયેશનના પ્રમુખ બશીરે જણાવ્યું કે સપ્ટેમ્બરથી જાન્યુઆરી સુધી સફરજનનું ૧૫ કિલોનું બોક્સ ૫૦૦ રૂપિયામાં વેચાતું હતું. હવે ભાવ વધીને ૧૫૦૦ રૂપિયા પ્રતિ બોક્સ થયા છે.

જેવી
એક રૂપાળી છોકરી માનો,
ખણખણતા સિક્કા જેવી.
એક નખરાળી છોકરી માનો,
ગોરસનાં ટાંગેલ શીકા જેવી,
રોજ મન બદલે છોકરી માનો,
તર્કશાસ્ત્રના કો તરીકા જેવી.
એક નખરાળી છોકરી માનો,
કાકડી મૂળાના પતીકા જેવી.
ચાંદ શી રૂપાળી છોકરી માનો,
અનુપમ સૌંદર્યના સલીકા જેવી.
ભરત વૈષ્ણવ
૪.૪.૨૦૨૩

# તલગાજરડા ખાતે હનુમાન જન્મોત્સવના ઉપલક્ષમાં એવોર્ડ અર્પણ સમારોહ

**તેમજ સંગીત મહોત્સવ યોજાશે**



આગામી તારીખ ૪-૫-૬ એપ્રિલ દરમ્યાન શ્રી ચિત્રકૂટધામ તલગાજરડા ખાતે પૂજય મોરારિબાપુની સંનિધિમાં શ્રી હનુમાન જન્મોત્સવ ઉજવવામાં આવશે. પ્રતિવર્ષ યોજાતા હનુમાન જન્મોત્સવના કાર્યક્રમ અંતર્ગત આ વર્ષે વિવિધ ક્ષેત્રના તેર મહાનુભાવોની એવોર્ડથી વંદના કરવામાં આવશે. જેમાં ૧. શ્રી.સંજય ઓઝા (અવિનાશ વ્યાસ એવોર્ડ) ૨. શ્રી.વૃંદાવન સોલંકી (કૈલાસ લલિતકલા એવોર્ડ) ૩.શ્રી.અજીત ઠાકોર (વાચસ્પતિ (સંસ્કૃત) એવોર્ડ) ૪. શ્રી ડૉ નિરંજના વોરા (ભામતી, (સંસ્કૃત) એવોર્ડ) ૫. શ્રી સ્વ. કિશનભાઈ ગોરડિયા (સદ્દભાવના એવોર્ડ) ૬. શ્રી ચંપકભાઈ એલ. ગોડિયા (ભવાઈ નટરાજ એવોર્ડ) ૭. શ્રી અમિત દિવેટિયા (ગુજરાતી રંગમંચ, નાટક, નટરાજ એવોર્ડ) ૮. શ્રી સુનીલ લહેરી (હિન્દી ટીવી શ્રેણી,નટરાજ એવોર્ડ) ૯. શ્રી જેકી શ્રોફ (હિન્દી ફિલ્મ-નટરાજ એવોર્ડ) ૧૦. વિદુષી શ્રી રમા વૈદ્યનાથન (ભરતનાટ્યમ,નૃત્ય, હનુમંત એવોર્ડ) ૧૧. ઉસ્તાદ ફઝલ કુરેશી (તબલાં તાલવાદ્ય, હનુમંત એવોર્ડ) ૧૨. શ્રી.પંડિત રાહુલ શર્મા (સંતુર,શાસ્ત્રીય વાદ્યસંગીત, હનુમંત એવોર્ડ) ૧૩. પંડિત શ્રી ઉદય ભવાલકર (શાસ્ત્રીય ગાયન-હનુમંત એવોર્ડ) મુખ્ય છે.

આ ઉપરાંત તારીખ ૪-૪-૨૩ની રાત્રિએ ૮ વાગ્યે પંડિત શ્રી ઉદય ભવાલકર દ્વારા શાસ્ત્રીય ગાયન રજુ કરવામાં આવશે જેમાં શ્રી ચિંતન ઉપાધ્યાય(ગાયન) અને શ્રી પ્રતાપ અવાડ (પખાવજ) સંગતી કરશે. એ જ ક્રમમાં તારીખ ૫-૪-૨૩ની રાત્રિએ ૮ વાગ્યે શાસ્ત્રીય વાદ્યસંગીત શ્રેણી અંતર્ગત પંડિત શ્રી રાહુલ શર્મા દ્વારા સંતુરવાદન પ્રસ્તુત થશે જેમાં ઉસ્તાદ ફઝલ કુરેશી સંગતિ કરશે. તારીખ ૬-૪-૨૩ એટલે હનુમાન જનોત્સવનો શુભ દિવસ. સવારે ૮.૩૦ કલાકે શ્રી ચિત્રકૂટધામ ખાતે સુંદરકાંડનો પાઠ થશે અને શ્રી હનુમાનજીની આરતી થશે. એ પછી વિદુષી શ્રી રમા વૈદ્યનાથન દ્વારા ભરતનાટ્યમ પ્રસ્તુત કરવામાં આવશે. ત્યારબાદ એવોર્ડ અર્પણવિધિ થશે અને અંતમાં હનુમાન જન્મોત્સવ સંદર્ભે પૂજય બાપુ દ્વારા પ્રાસંગિક અભિવ્યક્તિ કરવામાં આવશે. રાત્રિ કાર્યક્રમો શ્રી ચિત્રકૂટધામની યુ ટ્યુબ ચેનલ પર જોઈ શકાશે અને એવોર્ડ વિતરણ સમારોહનું અસ્થા ટીવી પર પ્રસારણ થશે. જય સીયારામ.




## કોંગ્રેસ નેતાએ પોતાની જ પાર્ટી પર સાધ્યું નિશાન

# પાર્ટી ૭ દિવસમાં સૌથી મોટા નેતા માટે કોર્ટમાં ‘અપીલ‘ પણ કરી શકી નથીઃ આચાર્ય પ્રમોદ

*નવીદિલ્હી,તા.૩૧*

*રાહુલ ગાંધીની લોકસભાની સદસ્યતા રદ થયાને સાત દિવસ વીતી ગયા છે. જોકે હજી સુધી પાર્ટીએ આ મામલે ઉચ્ચ અદાલતમાં અપીલ દાખલ કરી નથી. આ તરફ હવે કોંગ્રેસ નેતા આચાર્ય પ્રમોદ કૃષ્ણમે પોતાની જ પાર્ટી પર નિશાન સાધ્યું છે. તેમણે કહ્યું કે, કોંગ્રેસ એક સપ્તાહમાં પોતાના સૌથી મોટા નેતા માટે કોર્ટમાં 'અપીલ' પણ કરી શકી નથી.*

*કોંગ્રેસ નેતા આચાર્ય પ્રમોદે નામ લીધા વિના કોંગ્રેસના પ્રવક્તા પવન ખેડાનો પણ ઉલ્લેખ કર્યો હતો. તેમણે કહ્યું કે, પાર્ટી 'પ્રવક્તા' માટે એક કલાકમાં 'સુપ્રીમ' કોર્ટમાં પહોંચી ગઈ હતી, પરંતુ સૌથી મોટા નેતા માટે એક અઠવાડિયાથી મૌન છે. મહત્વનું છે કે, રાહુલ ગાંધીની લોકસભાની સદસ્યતા રદ થયાના ૭ દિવસ બાદ પણ હજી સુધી પાર્ટીએ આ મામલે ઉચ્ચ અદાલતમાં અપીલ દાખલ કરી નથી.મહત્વનું છે કે, ગયા શુક્રવારે (૨૪ માર્ચ) ગુજરાતની સુરત કોર્ટે રાહુલ ગાંધીને બદનક્ષીના કેસમાં દોષિત ઠેરવ્યા હતા અને તેમને બે વર્ષની સજા ફટકારી હતી. આ નિર્ણય બાદ લોકસભા સચિવાલયે રાહુલ ગાંધીની સંસદની સદસ્યતા રદ કરી દીધી છે. જનપ્રતિનિધિત્વ અધિનિયમ મુજબ જો સાંસદો અને ધારાસભ્યોને કોઈપણ કિસ્સામાં બે વર્ષ કે તેથી વધુ સજા થાય છે, તો તેમનું સભ્યપદ (સંસદ અને વિધાનસભામાંથી) રદ કરવામાં આવે છે. રાહુલ ગાંધીની લોકસભાની સદસ્યતા સમાપ્ત થઈ ગઈ છે. જોકે રાહુલ માટે સદસ્યતા જાળવી રાખવાના તમામ રસ્તા બંધ કરવામાં આવ્યા નથી. તેઓ તેમની રાહત માટે હાઈકોર્ટમાં પડકારી શકે છે, જ્યાં સુરત સેશન્સ કોર્ટના નિર્ણય પર સ્ટે આવે તો સભ્યપદ બચાવી શકાય છે. જો હાઈકોર્ટ સ્ટે નહીં આપે તો સુપ્રીમ કોર્ટનો દરવાજો ખટખટાવવો પડશે. આવી સ્થિતિમાં સુપ્રીમ કોર્ટ દ્વારા સ્ટે આપવામાં આવે તો પણ તેમનું સભ્યપદ બચાવી શકાય છે. પરંતુ જો તેમને ઉપરની કોર્ટમાંથી રાહત નહીં મળે તો રાહુલ ગાંધી ૮ વર્ષ સુધી કોઈ ચૂંટણી લડી શકશે નહીં.*

*વાત જાણે એમ છે કે, ૨૩ ફેબ્રુઆરીના રોજ કોંગ્રેસના નેતા પવન ખેડાની દિલ્હી એરપોર્ટ પરથી ધરપકડ કરવામાં આવી હતી. તેઓ કોંગ્રેસના નેતાઓ સાથે રાયપુરમાં યોજાનાર કોંગ્રેસ અધિવેશનમાં હાજરી આપવા માટે ઈન્ડિગોની ફ્લાઈટમાં જવાના હતા. ત્યારબાદ દિલ્હી પોલીસે તેમને ફ્લાઈટમાંથી ઉતારીને કસ્ટડીમાં લીધા હતા. જેનો કોંગ્રેસે ભારે વિરોધ કર્યો હતો. કોંગ્રેસના નેતા પવન ખેડાની ધરપકડના વિરોધમાં તેઓ એરપોર્ટ પર જ ધરણા પર બેસી ગયા હતા. જોકે થોડા સમય બાદ પવન ખેડાને સુપ્રીમ કોર્ટમાંથી જામીન મળી ગયા હતા. નોંધનીય છે કે, કોંગ્રેસના પ્રવક્તા પવન ખેડાએ પ્રેસ કોન્ફરન્સ દરમિયાન પીએમને ગૌતમદાસ મોદી કહ્યા હતા.*

# રામ નવમીની શોભાયાત્રામાં આગચંપી, મહારાષ્ટ્રમાં એકનું મોત

મુંબઇ,તા.૩૧

રામ નવમી ૨૦૨૩ઃ ગુરુવારે દેશભરમાં રામ નવમીની ખૂબ જ ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી, પરંતુ આ દરમિયાન ફરી એકવાર ઘણા શહેરોમાં તણાવ જોવા મળ્યો હતો. મહારાષ્ટ્રના સંભાજીનગરમાં રામનવમી પહેલા જ તણાવ અને હિંસામાં એક યુવકે જીવ ગુમાવ્યો હતો. આ દરમિયાન પશ્ચિમ બંગાળના હાવડા અને ગુજરાતના વડોદરામાં હિંસા અને આગચંપીની ઘટનાઓ બની હતી. અહીં સૌથી પહેલા સંભાજીનગરની વાત કરીએ જ્યાં બે જૂથ વચ્ચે અથડામણ બાદ મામલો હિંસા અને આગચંપી સુધી પહોંચ્યો હતો. આ ઘટના જિલ્લાના કિરાડપુરા વિસ્તારમાં સ્થિત એક પ્રખ્યાત રામ મંદિરની બહાર બુધવાર અને ગુરુવારની વચ્ચેની રાત્રે બની હતી.

મંદિરની બહાર નજીવી બાબતે બે જૂથો સામસામે આવી ગયા હતા.

આ વિવાદ એટલો વધી ગયો કે મામલો મારામારી સુધી પહોંચી ગયો.

આ દરમિયાન લોકોએ એકબીજા પર પથ્થરમારો કર્યો અને અનેક વાહનોને આગ ચાંપી દીધી. માહિતી મળતા જ પોલીસ ટીમ ઘટનાસ્થળે પહોંચી ત્યારે ૫૦૦થી વધુ લોકોના ટોળાએ પોલીસ ટીમ પર હુમલો કર્યો હતો.

ન્યૂઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
# સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ




**NOG SS No/39**

વિષય - ઘરડે ઘડપણની બીક, અભરખા, સ્વતંત્રતા
પ્રકાર - પદ્ય - અછાંદસ
શીર્ષક - જીવનસંધ્યા
નામ - પ્રફુલ્લા "પ્રસન્ના"
અમદાવાદ

વૃદ્ધ બન્યાનાં અવસાદ સાથે ઘડપણ આવી ગયું,
ઘરડાં થઈને ઘડપણનો કેવો ડારો બતાવી રહ્યું!
અંકાઈ ગઈ કથા જીવનની અનુભવી ચહેરા પર,
ધૂંધળી આંખોમાં ઝીલાઈ જાય જીવનની ઝરમર,
અનોખો અંદાજ વૃદ્ધત્વનો જો સાથે હોય સ્વજનો,
અદભુત એવો ઠાઠ એનો જો આદર હોય ઘડપણનો,
દીકરી, દીકરા, વહુ, પોતરા, છૂટતો સહુનો સાથ,
અંજળપાણી હશે તો દાખવશે લાગણી ને સંગાથ!
બનતી જાય કૃશ કાયા ને ક્ષીણ થતું જાય જીવતર!
તૈયાર બેઠો બિસ્તરા બાંધી,
ભલે આવે મૃત્યુની પળ,
બીક નથી મૃત્યુની ઘડીની, ડર ઓશિયાળા જીવનનો!
ઠસ્સો રાખી જીવી શકું જો ના ડર હોય ઘડપણનો!
પ્રફુલ્લા "પ્રસન્ના"

************************************

**NOG SS N0 : 089**

વિષય ઘરડે ઘડપણની બીક
ગદ્ય
લેખિકા પ્રવિણા કડકિઆ
શીર્ષક સ્વાગત

———

હે ઘડપણ તારું સ્વાગત હો. તને ખબર છે , અથાગ પ્રયત્ન પછી તારું આગમન થયું છે. તારી બીક, કેવી બેહૂદા વાત કરે છે.

ધીમે ધીમે ડહાપણની દુનિયામાં પગ મૂક્યો છે. અનુભવનો મોટો પટારો ભર્યો છે. શાણપણના પાઠ વિતાવેલી જીંદગી પાસેથી ભણવાનો અવસર સાંપડ્યો છે.

મને ખબર નથી પડતી, શામાટે લોકો ઘડપણને હસ્તે મોઢે સ્વીકારતા નથી ?

ઘડપણમાં માન ઈજ્જત ટોપલો ભરી મળે છે. જો તમે જુવાની દીપાવી હોય તો !

ઘણિવાર જુવાનિયા ધન અને જુવાનીના મદમાં વિસરી જાય છે કે આ દિવસો તેમના પણ આવવાના છે. એવી વ્યક્તિઓને લટકતી સલામ !

ઘડપણમાં જો જીભ અને વાણી પર સંયમ હશે તો જે ધસમસતો તમારી તરફ ધસી રહ્યું છે એ સહજતાથી આવી તમને ભેટશે.

પ્રવૃત્તિમાં જીવવાની કળા કેળવીશું તો

ઘડપણ સુવર્ણ યુગ લાગશે. તમારે ઘડિયાળ સાથે હોડ લગાવવાનો સમય નહી આવે.

જીવનની બધી મનોકામના પૂરી કરવાની તક તમને પૂરી પાડશે. જુવાનીમાં કરેલી મહેનત અને પૈસો ઘડપણમાં નચિંત બની ભોગવો .

પરિવારમાં પ્રેમ અને સંસ્કાર ભરપૂર પ્રમાણમાં આપ્યા હશે તો જરા પણ ફિકર કરશો નહી. વ્યાજ સાથે પરિવાર તમને પાછા વાળશે.

હે ઘડપણ તું તો છો જે સહાનુભૂતિથી મારો હાથ ઝાલી , મારું પ્રયાણ મંગલમય બનાવીશ .

મારા અંતિમ શ્વાસના ભેરુ ‘‘ઘડપણ’’ શાંતિથી પ્રયાણ થાય તેવી મનોકામના સાથે વિરમું છું.

************************************

**NOG SS N0 : 0078**

વિષય - ઘડપણની બીક
પ્રકાર - પદ્ય (ટૂંકી બહરમાં તશ્તીર ગઝલ )
શીર્ષક - ઘડપણ અઘરું છે.
નામ - શ્વેતા તલાટી (વડોદરા)

ઘડપણ અઘરું છે;
ક્ષણ ક્ષણ અઘરું છે.
એકલતાનું રણ;
કણ કણ અઘરું છે.
ચકલો-ચકલી બે;
પણ ચણ અઘરું છે.
સો વાતોની એક;
સગપણ અઘરું છે.
અવગણનાઓનું;
ભારણ અઘરું છે.
અંગો ઢીલા, ને?
મન પણ અઘરું છે.
મુન્ના- મુન્નીનું;
વળગણ અઘરું છે.
બળતામાં ઘી ક્યાંક;
બળતણ અઘરું છે.
'શ્વેતા' શું જોયું?
ઘડપણ અઘરું છે.

- શ્વેતા તલાટી

ઘડપણ વિષયક અન્ય છૂટક શેર -

૧.
છે ઘર-સગાં, લાગણીઓ તો પણ ટળવળે, કેવું નસીબ?
વૃદ્ધાશ્રમે મા છે તો ઘડપણમાં વસે સંવેદના.

૨.
દિવાલે હાથ દઈને ધ્રુજતા પગ ચાલે એ જોઈ;
નજર બોલી મને પણ દોડવામાં બીક લાગે છે.

- શ્વેતા તલાટી

************************************

**NOG SS NO. 142**

વિષય : ઘડપણની બીક
પ્રકાર : લેખ
શીર્ષક : એડવાન્સ બુકિંગ
નામ : મનીષા મહેતા(ધરા)

★★★★★★★★★★★

★એડવાન્સ બુકિંગ★

તકલીફ તો એક જ છે કે જ્યાં સુધી ખરેખર ઘડપણ આંબી જતું નથી ત્યાં સુધી દરેકને એમને લાગે છે કે એનું વૃદ્ધત્વ અલગ હશે, લાચારી વગરનું હશે, ફિટનેસ વાળું હશે, કોઈની અપેક્ષા વગરનું હશે, પોતે સ્વનિર્ભર હશે અને આવું ઘણું વિચારતાં રહે છે પણ ઉંમર વધતાં જ આ બધી વ્યથા ઊભી થવાનાં એંધાણ વર્તાવા લાગે છે.

પચાસની ઉંમરથી ઘૂંટણ ઘસાવા લાગે છે, પછીનાં દસકામાં યાદશકિત સાથ છોડે છે ને દાંત તો સહુથી વધુ પરેશાન કરે છે. એકલા બહાર નીકળતા અનેક ડર સતાવવા લાગે છે જેમ કે પડી જઈશ, રસ્તા ભૂલી જઈશ, કોઈ વાહનની અડફેટે ચડી જઈશ ને જો પડી જઈશ તો હાડકું તૂટશે તે હવે નવું નહીં બને ને સેવા કોણ કરશે? આ ભય છવાતાં જાય છે ને માણસ ઘડપણનો સ્વીકાર કરતો થઈ જાય છે. ઘરમાં પણ ધાર્યાં મુજબ કામ થઈ શકતું નથી.

આ થઈ શારીરિક લાચારીની વાત પણ માનસિક સમસ્યા તો વધુ વિચલિત કરી દે તેવી હોય છે. પોતાની વસ્તુઓ ક્યાં મૂકી તે યાદ ન રહે, વારંવાર ઘરનાં સભ્યોની મદદ જોઈએ અને નાની નાની વાતે મનને ઓછું આવવા લાગે જે દુઃખનું કારક બની રહે. એકલતા ગમતી નથી, ઘરમાં એમને પૂછ્યા વગર બધું જ થતું રહે એ ગમતું નથી, જમવામાં એમની પસંદગી મહત્વની નથી રહેતી, ધીમે ધીમે પોતાનાં ઘરમાં જ એમને પ્રતિકૂળ વાતાવરણ લાગવા લાગે છે. નથી એમનું બોલવાનું કોઈને પસંદ આવતું કે નથી એમની હાજરી કોઈને ગમતી.

આ સમય બધા માટે આવે જ છે. આજકાલ મોબાઈલ ફોન આવતાં એકલતાની સમસ્યા થોડી ઉકલી છે. વડીલો એમનાં શોખની પ્રવૃત્તિને આગળ ધપાવી શકે તેવા ગ્રુપમાં જોડાઈને નવા મિત્રો બનાવે છે પણ ત્યાં પણ ઉંમરને અનુરૂપ સમસ્યા આવે છે જ. ત્યાં પણ એમનું મહત્વ સાબિત કરવાનો એમનો પ્રયત્ન નિષ્ફળ જાય ત્યારે ત્યાં ટકી રહેવું એમને દુઃખદ લાગે છે વળી બદલાતી રહેતી ટેકનોલોજી સાથે તાલમેળ બેસાડી ન શકવાનાં કારણે પણ સહુની સમકક્ષ એ વ્યક્ત થઈ શકતાં નથી.

ઘરે ઘરે ઉંમરની આ સમસ્યાઓ સાથે ઝઝૂમી રહેલાં વૃદ્ધો એમનાં અસ્તિત્વની લડાઈ લડતાં રહે છે. એમની લાગણી, એમનો જીવનભરનો ભોગ, સંતાનોનાં સુખ માટે એમનો ત્યાગ, એમનું જ્ઞાન, એમનાં સંસ્કારો, એમની વહેવારડાહી વાતોની હવે જાણે કોઈ પરિવારને જરૂર રહી નથી, નાનકડાં ઘર અને ટૂંકા મનનાં સંતાનોને લીધે વૃદ્ધાશ્રમોમાં વેઈટીંગ લીસ્ટ લંબાતા જાય છે. જો આ જ એક ઉપાય હોય તો જરૂરી છે કે એમનાં સંતાનો પણ પોતાનાં માટે વૃદ્ધાશ્રમની જગ્યાઓ આગોતરી બુક કરી લે કેમ કે....

~ મનીષા મહેતા (ધરા)
૩૧/૩/૨૩

************************************

**NOG SS NO 140**

વિષય : ઘડપણની બીક
પ્રકાર : પદ્ય -અછાંદસ
શીર્ષક : અસહ્ય એકલતા
શબ્દ: ૧૧૧

કહેવાય છે કે જોડી ઉપરથી બનીને આવે છે
તો પછી એકને વહેલા કેમ ઉપર તેડાવી લેછે ?
ઘડપણની બીક નથી એકલા થઈ ગયાની બીક છે..
બસમાં ઠેકી ચડી જઈ હાથ પકડી ચડાવે..
સાચવીને પગ મૂકજે..
કોઈ કહેનારૂ નથી તો ઘડપણની બીક લાગે..
આમાં તું બહુ સુંદર લાગે કહેતી એ નજરની શોધમાં હવે સઘળું નિરર્થક લાગે.. સુખમાં સાથે જીવ્યાં દુઃખ પણ સાથે જીરવ્યાં
અંતિમ પડાવે હવે શ્વાસ પણ વેરી લાગે..
બન્ને સાથે હોય ત્યારે સૌ કોઈ આપણું લાગે.
એક વિના હવે આપણાં પણ પારકાં લાગે.
આ ઘડપણ આવ્યાનો ભય નથી ભય છે એકલતાનો..
સાથે નથી આવ્યાં કોઈ, સાથે નથી જવાનાં પણ સાથે વૃધ્ધ થવાના સુખ વિના ઘડપણ અકારું લાગે..

હેમા પિનાકીન ત્રિવેદી
કૃષ્ણપ્રિયા
તા : ૩૧ /૩/૨૦૨૩

# ચાંદીના વાયદાએ રૂ.૨૮૯ની તેજી સાથે રૂ.૭૨ હજારની સપાટી વટાવી

## સોનામાં રૂ.૧૩૪ અને ક્રૂડ તેલમાં રૂ.૬૯ની વૃદ્ધિઃ મેન્થા તેલ નરમઃ પ્રથમ સત્ર સુધીમાં કોમોડિટી વાયદાઓમાં રૂ.૭,૦૭૩ કરોડ અને ઓપ્શન્સમાં રૂ.૯૦૯૬.૩૮ કરોડનું ટર્નઓવરઃ બુલડેક્સ વાયદામાં રૂ.૧૫ કરોડનાં કામકાજ




ડેઈલી માર્કેટ રિપોર્ટ

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં શુક્રવારે પ્રથમ સત્ર સુધીમાં ૨,૨૨,૯૫૯ સોદાઓમાં કુલ રૂ.૧૬,૧૮૪.૨૩ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ.૭,૦૭૩.૩૪ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ.૯૦૯૬.૩૮ કરોડનો હતો.

કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૬૮,૫૨૭ સોદાઓમાં રૂ.૪,૭૧૪.૯૮ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું એપ્રિલ વાયદો સત્રની શરૂઆતમાં ૧૦ ગ્રામદીઠ રૂ.૫૯,૪૨૫ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૯,૫૩૦ અને નીચામાં રૂ.૫૯,૩૫૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૩૪ વધી રૂ.૫૯,૪૫૦ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની માર્ચ કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૨૪૭ વધી રૂ.૪૮,૦૦૨ અને ગોલ્ડ-પેટલ માર્ચ કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૧૯ વધી રૂ.૫,૮૯૫ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની એપ્રિલ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૧૨ વધી રૂ.૫૯,૫૦૧ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી મે વાયદો સત્રની શરૂઆતમાં ૧ કિલોદીઠ રૂ.૭૨,૦૦૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૭૨,૧૪૩ અને નીચામાં રૂ.૭૧,૫૬૨ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૨૮૯ વધી રૂ.૭૨,૦૬૩ ના સ્તરે બોલાઈ રહ્યો હતો. ચાંદી-મિની એપ્રિલ કોન્ટ્રેક્ટ રૂ.૨૭૨ વધી રૂ.૭૧,૯૩૭ અને ચાંદી-માઈક્રો એપ્રિલ કોન્ટ્રેક્ટ રૂ.૨૪૮ વધી રૂ.૭૧,૯૨૪ બોલાઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૯,૩૩૭ સોદાઓમાં રૂ.૧,૨૦૧.૦૮ કરોડના વેપાર થયા હતા. તાંબુ માર્ચ વાયદો રૂ.૭૯૦.૨૫ના ભાવે ખૂલી, રૂ.૩.૮૫ ઘટી રૂ.૭૮૪.૯૫ જ્યારે એલ્યુમિનિયમ માર્ચ કોન્ટ્રેક્ટ રૂ.૦.૬૦ ઘટી રૂ.૨૦૬.૨૦ તેમ જ સીસું માર્ચ કોન્ટ્રેક્ટ રૂ.૦.૫૫ ઘટી રૂ.૧૮૧ના ભાવ થયા હતા. જસત માર્ચ કોન્ટ્રેક્ટ રૂ.૩.૫૦ ઘટી રૂ.૨૫૪ના ભાવ થયા હતા. મિની વાયદાઓમાં એલ્યુમિનિયમ-મિની માર્ચ વાયદો ૧ કિલોદીઠ રૂ.૨.૧૦ વધી રૂ.૨૦૯.૩૫ સીસુ-મિની માર્ચ કોન્ટ્રેક્ટ રૂ.૬.૫૦ વધી રૂ.૧૮૭ જસત-મિની માર્ચ વાયદો રૂ.૫.૮૦ ઘટી રૂ.૨૫૩ બોલાઈ રહ્યો હતો.

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર ૩૧,૯૭૯ સોદાઓમાં રૂ.૧,૧૫૦.૦૧ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ એપ્રિલ વાયદો સત્રની શરૂઆતમાં ૧ બેરલદીઠ રૂ.૬,૧૦૮ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬,૧૭૦ અને નીચામાં રૂ.૬,૦૭૮ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૬૯ વધી રૂ.૬,૧૬૨ બોલાયો હતો, જ્યારે ક્રૂડ તેલ-મિની એપ્રિલ વાયદો રૂ.૬૫ વધી રૂ.૬,૧૬૨ બોલાઈ રહ્યો હતો. નેચરલ ગેસ એપ્રિલ વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧૭૬ના ભાવે ખૂલી, રૂ..૫૦ વધી રૂ.૧૭૫.૭૦ અને નેચરલ ગેસ-મિની એપ્રિલ વાયદો ૦.૩ વધી ૧૭૬.૨ બોલાઈ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે રૂ.૭.૨૭ કરોડનાં કામકાજ થયા હતા. કોટન ખાંડી એપ્રિલ વાયદો સત્રની શરૂઆતમાં ૧ ખાંડીદીઠ રૂ.૬૧,૯૦૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬૨,૩૪૦ અને નીચામાં રૂ.૬૧,૭૨૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૨૦ વધી રૂ.૬૨,૧૮૦ના સ્તરે પહોંચ્યો હતો. મેન્થા તેલ માર્ચ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧૪.૪૦ ઘટી રૂ.૯૮૫.૬૦ બોલાયો હતો.

કામકાજની દષ્ટિએ એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૨,૧૨૭.૪૬ કરોડનાં ૩,૫૫૫.૭૧૪ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં રૂ.૨,૫૮૭.૫૨ કરોડનાં ૩૫૯.૪૧૭ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિની વાયદાઓમાં રૂ.૬૮૬.૯૫ કરોડનાં ૧૧,૨૦,૬૮૦ બેરલ તથા નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિની વાયદાઓમાં રૂ.૪૬૩.૦૬ કરોડનાં ૨,૬૧,૨૩,૦૦૦ એમએમબીટીયૂ નાં કામ થયાં હતાં. બિનલોહ ધાતુઓમાં એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિની વાયદાઓમાં રૂ.૧૨૦.૫૬ કરોડનાં ૫,૭૮૩ ટન સીસુ અને સીસુ-મિની વાયદાઓમાં રૂ.૪૩.૯૭ કરોડનાં ૨,૪૧૧ ટન તાંબાના વાયદાઓમાં રૂ.૬૭૪.૧૮ કરોડનાં ૮,૬૭૩ ટન અને જસત તથા જસત-મિની વાયદાઓમાં રૂ.૩૬૨.૩૭ કરોડનાં ૧૪,૧૬૩ ટનના વેપાર થયા હતા. કૃષિ કોમોડિટીઝમાં કોટન ખાંડી વાયદામાં રૂ.૪.૭૭ કરોડનાં ૭૬૮ ખાંડી મેન્થા તેલ વાયદામાં રૂ.૨.૫૦ કરોડનાં ૨૪.૮૪ ટનનાં કામકાજ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ એમસીએક્સ પર પ્રથમ સત્રનાં અંતે સોનાના વિવિધ વાયદાઓમાં ૨૧,૧૧૪.૫૧૬ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૮૨૮.૪૦૭ ટન, તાંબાના વાયદાઓમાં ૧૦,૬૭૫ ટન, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીમાં ૧૬,૮૧૬ ટન, સીસુ અને સીસુ-મિનીમાં ૨,૫૩૪ ટન તથા જસત અને જસત-મિનીમાં ૧૬,૬૭૪ ટન, એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિની વાયદાઓમાં ૯,૩૫,૧૬૦ બેરલ તથા નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિની વાયદાઓમાં ૬,૩૩,૩૪,૨૫૦ એમએમબીટીયૂ, કૃષિ કોમોડિટીઝમાં કોટન-ખાંડી વાયદામાં ૧૨,૧૪૪ ખાંડી અને મેન્થા તેલ વાયદામાં ૩૨૭.૬ ટનના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર બુલડેક્સ વાયદામાં રૂ.૧૪.૫૧ કરોડનાં ૧૭૯ લોટનાં કામકાજ થયાં હતાં. ઓપન ઈન્ટરેસ્ટ બુલડેક્સ વાયદામાં ૪૯૦ લોટના સ્તરે રહ્યો હતો. બુલડેક્સ એપ્રિલ વાયદો ૧૬,૨૨૦ પોઈન્ટ ખૂલી, ઉપરમાં ૧૬,૨૩૦ અને નીચામાં ૧૬,૧૭૧ બોલાઈ, ૫૯ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૨૯ પોઈન્ટ વધી ૧૬,૨૧૭ પોઈન્ટના સ્તરે પહોંચ્યો હતો.

ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર રૂ.૯૦૯૬.૩૮ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનું તથા સોનું-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૪૯૮.૫૨ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૪૬૨.૦૩ કરોડનાં કામ થયાં હતાં. એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૭૪૮૮.૭૩ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૬૪૬.૮૪ કરોડનાં કામકાજ થયાં હતાં. આ સામે ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ રૂ.૨૩૪.૪૬ કરોડનું થયું હતું.

સૌથી વધુ સક્રિય કોન્ટ્રેક્ટ્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ એપ્રિલ રૂ.૬,૧૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૨૨૩ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૨૫૦ અને નીચામાં રૂ.૨૦૬.૧૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૩૧.૧૦ વધી રૂ.૨૪૭.૩૦ થયો હતો, જ્યારે નેચરલ ગેસ એપ્રિલ રૂ.૧૮૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧૩.૬૫ ખૂલી, ઉપરમાં રૂ.૧૪.૮૦ અને નીચામાં રૂ.૧૩.૩૦ રહી, અંતે રૂ.૦.૨૫ વધી રૂ.૧૩.૭૫ થયો હતો.

સોનું મે રૂ.૬૦,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૯૬૪ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૧,૦૧૦ અને નીચામાં રૂ.૮૭૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૭.૫૦ ઘટી રૂ.૯૪૪ થયો હતો, જ્યારે સોનું-મિની એપ્રિલ રૂ.૬૦,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૬૩૦ ખૂલી, ઊપરમાં રૂ.૬૬૪ અને નીચામાં રૂ.૫૭૨ રહી, અંતે રૂ.૩૫.૫૦ વધી રૂ.૬૪૩ થયો હતો.

ચાંદી એપ્રિલ રૂ.૭૫,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૯૦૦ના ભાવે ખૂલી, રૂ.૮.૫૦ ઘટી રૂ.૮૮૨ થયો હતો, જ્યારે ચાંદી-મિની એપ્રિલ રૂ.૭૨,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ રૂ.૧,૭૦૦ના ભાવે ખૂલી, રૂ.૯૯ વધી રૂ.૧,૬૬૯.૫૦ થયો હતો. સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોન્ટ્રેક્ટ દીઠ જસત એપ્રિલ રૂ.૨૬૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ રૂ.૨.૫૯ વધી રૂ.૬ થયો હતો.

આ સામે પુટ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ એપ્રિલ રૂ.૬,૧૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૨૧૦.૭૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૨૨૮.૯૦ અને નીચામાં રૂ.૧૮૫ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૩૦.૪૦ ઘટી રૂ.૧૯૦.૬૦ થયો હતો, જ્યારે નેચરલ ગેસ એપ્રિલ રૂ.૧૮૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧૮ ખૂલી, ઉપરમાં રૂ.૧૮.૨૦ અને નીચામાં રૂ.૧૬.૭૫ રહી, અંતે રૂ.૦.૫૦ ઘટી રૂ.૧૭.૭૦ થયો હતો.

સોનું મે રૂ.૫૮,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૨૦૫ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૨૫૯.૫૦ અને નીચામાં રૂ.૨૦૧ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૨૧ વધી રૂ.૨૩૭.૫૦ થયો હતો, જ્યારે સોનું-મિની એપ્રિલ રૂ.૫૯,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૪૪૫ ખૂલી, ઊપરમાં રૂ.૪૭૯ અને નીચામાં રૂ.૪૦૨ રહી, અંતે રૂ.૬ વધી રૂ.૪૫૮ થયો હતો.

ચાંદી એપ્રિલ રૂ.૭૧,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧,૪૪૦ના ભાવે ખૂલી, રૂ.૧૫૨.૫૦ ઘટી રૂ.૧,૪૦૮ થયો હતો, જ્યારે ચાંદી-મિની એપ્રિલ રૂ.૭૦,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ રૂ.૯૦૯ના ભાવે ખૂલી, રૂ.૮૬ ઘટી રૂ.૯૪૨ થયો હતો.

NEWS OF GANDHINAGAR_P-3

# ચંદીગઢમાં એગ્રીકલ્ચર વર્કિંગ ગ્રુપની જીર૦ બેઠક સમાપ્ત

**ચંદીગઢમાં એગ્રીકલ્ચર વર્કિંગ ગ્રુપની જીર૦ બેઠક સમાપ્ત**

**ભારતે ક્લાઇમેટ ફ્રેન્ડલી ખેતી માટે પ્રાદેશિક સહયોગ પર ભાર મૂક્યો ત્રણ દિવસીય બેઠક દરમિયાન કૃષિ ક્ષેત્રમાં ડિજિટલીકરણ, ખાદ્યસુરક્ષા અને પોષણ પર થઇ ચર્ચા**

**ક્લાઇમેટ ચેન્જ, શહેરીકરણ અને ભોજનની બરબાદી જેવા પડકારોને પહોંચી વળવા તૈયાર છે જીર૦ના સભ્યો**



ચંદીગઢ, ૩૧ માર્ચ: ભારતની જી૨૦ અધ્યક્ષતા હેઠળ 'સિટી બ્યુટીફુલ' (ચંદીગઢ)માં ચાલી રહેલી એગ્રીકલ્ચર વર્કિંગ ગ્રુપ (AWG)ની બીજી બેઠક શુક્રવારે સમાપ્ત થઇ. ત્રણ દિવસીય કૃષિ પ્રતિનિધિઓની બેઠકના છેલ્લા દિવસે જી૨૦ના સભ્યોએ અંતિમ દિવસે કોમ્યુનિકનો મુસદ્દો તૈયાર કર્યો, જે ચાર વિષયોના ક્ષેત્રોની જરૂરિયાતોને પહોંચી વળવા અને સમસ્યાઓ ઉકેલવા સાથે સંબંધિત છે.

વિદેશી પ્રતિનિધિમંડળ દ્વારા શહેરની સ્થાનિક મુલાકાત સાથે આ બેઠક સમાપ્ત થઇ. બુધવારે બેઠકના પ્રથમ દિવસે જ્યાં આંતરરાષ્ટ્રીય સ્તર પર ખાદ્ય બજારના વિકાસ પર વિવિધ દેશોના પ્રતિનિધિઓએ પોતાના વિચારો વ્યક્ત કર્યા, ત્યાં જી૨૦ ડેલિગેટ્સને ચંદીગઢના પ્રસિદ્ધ રૉક ગાર્ડનની ટુર પણ કરાવવામાં આવી, જ્યાં તેઓ રેતીના પથ્થરો અને વેસ્ટ મટિરિયલમાંથી બનાવવામાં આવેલી આકર્ષક કૃતિઓને જોઇને આશ્ચર્યચકિત થઇ ગયા હતા. દુનિયાના સૌથી પ્રખ્યાત ગાર્ડન્સમાં સમાવિષ્ટ રૉક ગાર્ડનના અદ્ભુત આર્કિટેક્ચર અને શાંત વાતાવરણ ઉપરાંત, તૂટેલી બંગડીઓ, કપ-પ્લેટ, ગ્લાસ, ટાઇલ્સ અને ઘરની નકામી વસ્તુઓમાંથી બનેલા શિલ્પોએ મુલાકાતીઓને આકર્ષ્યા હતા.

આ બેઠકની શરૂઆત એગ્રીકલ્ચર માર્કેટ ઇન્ફર્મેશન સિસ્ટમ (AMIS)ના રેપિડ રિસ્પોન્સ ફોરમ (RRF) સાથે થઇ હતી, જેમાં વરિષ્ઠ આર્થિક અને આંકડાકીય સલાહકાર અરૂણ કુમારે પોતાના વિચારો વ્યક્ત કર્યા. તેમણે ઇઇક્ષના ૧૨મા સેશનમાં તમામ પ્રતિનિધિઓનું સ્વાગત કર્યું અને સમયની માંગ પ્રમાણે સમયસર પુરાવા આધારિત નીતિઓનું નિર્માણ કરવા અંગે વાત કરી, જેથી ખાદ્યાન્નના ઊંચા ભાવોની ચિંતાને દૂર કરી શકાય.

બેઠકના પહેલા દિવસે કૃષિ સાથે સંકળાયેલા ચાર મહત્વના મુદ્દાઓ, ખાદ્ય સુરક્ષા અને પોષણ, આબોહવા પ્રત્યે સ્માર્ટ વિઝનની સાથે ટકાઉ કૃષિ, સમાવેશી કૃષિ મૂલ્ય શ્રૃંખલા અને ખાદ્ય પ્રણાલી તથા કૃષિ પરિવર્તન માટે ડિજિટલીકરણ પર ચર્ચા કરવામાં આવી. આ આયોજનમાં ૧૯ સભ્ય દેશો, ૧૦ આમંત્રિત દેશો અને ૧૦ આંતરરાષ્ટ્રીય સંગઠનોના પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો. બેઠક દરમિયાન આયોજિત વિવિધ સત્રોમાં ખાદ્ય બજારની સ્થિતિ તેમજ એગ્રીકલ્ચર માર્કેટ ઇન્ફર્મેશન સિસ્ટમ માટે એક રેપિડ રિસ્પોન્સ ફોરમ એટલે કે ત્વરિત પ્રતિક્રિયા મંચની સ્થાપના પર ભાર મૂકવામાં આવ્યો. તેમાં કૃષિ ક્ષેત્ર માટે ક્ષમતા નિર્માણની જરૂરિયાતો અને 'આયાતમાં નાણકીય પરિબળોની અસર' પર પણ ફોકસ કરવામાં આવ્યું.

સંમેલનમાં જી૨૦ દેશોના શેરપા ટ્રેકના પ્રતિનિધિઓએ પોતાના વિચારો વ્યક્ત કર્યા, જે દરમિયાન ભારતે ક્લાઇમેટ ચેન્જ, શહેરીકરણ અને ભોજનની બરબાદીના પડકારોને પહોંચી વળવા માટે ક્લાઇમેટ ફ્રેન્ડલી ખેતીમાં પ્રાદેશિક સહયોગ અને રોકાણની જરૂરિયાતો પર ભાર મૂક્યો.

બેઠકનો ઉદ્દેશ જી૨૦ના સભ્ય દેશોને એક મંચ પર લાવીને કૃષિ અને ખાદ્ય સુરક્ષા માટે એક સ્થાયી ભવિષ્યની દિશામાં કામ કરવાનો છે. બેઠકના બીજા દિવસે સભ્ય દેશો વચ્ચે ખાદ્ય સુરક્ષા અને પોષણ જેવા વિષયો પર વિસ્તૃત ચર્ચા થઇ.

બેઠકના છેલ્લા દિવસે સભ્ય દેશો વચ્ચે કોમ્યુનિક એટલે કે શાસકીય સૂચનાનો ડ્રાફ્ટ તૈયાર કરવામાં આવ્યો, જે કૃષિ સાથે સંકળાયેલા ચાર મુદ્દાઓ પર કેન્દ્રિત છે.

આ દરમિયાન ચંદીગઢ સ્થિત રૉક ગાર્ડનમાં જાડા અનાજ (મિલેટ્સ)નો ફૂડ ફેસ્ટિવલ આયોજિત કરવામાં આવ્યો. તેમાં દેશમાં પેદા કરવામાં આવતા જાડા અનાજ અને તેના લાભો વિષે પ્રતિનિધિઓને માહિતી આપવામાં આવી. આ સાથે જ મહેમાનોને સુખના લેકની સહેલ પણ કરાવવામાં આવી. બેઠકની સમાપ્તિ શુક્રવારે પિંજોર સ્થિત યાદવિંદ્રા ગાર્ડનમાં પ્રતિનિધિઓ માટે ડિનરના આયોજન સાથે થઇ.

# પૂજ્ય મોરારી બાપૂએ રામનવમીનું શુભેચ્છા પાઠવી, દરેક ઘરમાં બે દીવા પ્રગટાવવા આહ્વાન કર્યું

૩૦ માર્ચ, ૨૦૨૩: પરમ પૂજ્ય મોરારી બાપૂએ આજે રામનવમીના પાવન અવસરે દરેક વ્યક્તિને શુભેચ્છા પાઠવી હતી.



આ પ્રસંગે પૂજ્ય બાપૂએ કહ્યું હતું કે, રામનવમી અને માનસનવમીના દિવસે સમગ્ર ગુજરાતને, આપણા દિવ્ય ભારતને, આપણી આ વસુધાને, આખી પૃથ્વી અને ત્રિભુવનને તલગાજરડાના સાધુ તરીકે સૌને બધાઇ.

પૂજ્ય બાપૂએ કહ્યું હતું કે, કોરોનાના સમયમાં આપણા આદરણીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ ઘર ઘરમાં દીવો પ્રગટાવવા આહ્વન ક્યું હતું અને લગભગ દરેક વ્યક્તિએ તેમનો સાથે આપતા દીવો પ્રગટાવ્યો હતો. આજ રીતે આપણે રામનવમીના દિવસે ઘેર-ઘેર બે દીવા પ્રગટાવવા એક સાધુ તરીકે વિનંતી કરી હતી.

પૂજ્ય બાપૂએ ઉમેર્યું હતું કે, દેશમાં કોરોનાની અસર ફરીથી વધી રહી છે ત્યારે આપણે બધાએ ડરવાની જરૂર નથી, પરંતુ સાવચેતી રાખવાની જરૂર છે.

# અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના ગારુડી ગામના મકવાણા મનોજભાઈ ને મળ્યો AGR- ૫૦ ટ્રેક્ટર સહાય યોજનાનો લાભ

**કૃષિ કાર્ય માટે જરૂરી વિવિધ સાધનો ખેડૂતોને સરળતાથી ઉપલબ્ધ બની રહે તે માટે ટ્રેક્ટર,થ્રેસર, ખાતર બિયારણ વગેરે મેળવવા લોન માટેની વિવિધ યોજનાઓ તેમજ કૃષિ યાંત્રીકરણ યોજના વડે ખેત ઓજારોની ખરીદી માટે ખાસ સહાય પૂરી પાડવામાં આવે છે.**

**જગતનો તાત ખેતી દ્વારા સમાજ અને દેશને આર્થિક અને સામાજિક વિકાસ માટેના પાયાનો ટેકો પૂરો પાડે છે ખેડૂતોના સર્વાંગીણ વિકાસ માટે રાજ્ય સરકાર કટિબદ્ધ**



માહિતી કચેરી અરવલ્લી - ૩૧ માર્ચ ૨૦૨૩

અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના ગારુડી ગામના મકવાણા મનોજભાઈ ને AGR- ૫૦ ટ્રેક્ટર સહાય યોજનાનો લાભ મળ્યો છે. મનોજભાઈ તેમની વાતમાં જણાવે છે કે ' ટ્રેક્ટર સહાય નો લાભ મળતા તેમના પરિવારમાં ખુશીઓ આવી છે અને ખેતી હવે સરળ બની છે. ખેડૂતનું સ્વપ્ન હોય છે કે તેમનું પોતાનું એક ટ્રેક્ટર હોય અને અમારું આ સ્વપ્ન પૂરું કરવા માટે રાજ્ય સરકારનો અમે આભાર માનીએ છીએ. 'રાજ્ય સરકાર દ્વારા ખેડૂતોને આધુનિક ખેતી માટે ટ્રેક્ટર જેવી અનેક સાધનની સહાય આપવામાં આવે છે. કૃષિ યાંત્રિકીકરણના વિવિધ ઓજારોની ખરીદીમાં સહાય મળતા ખેડૂતોને આધુનિક ખેતી માટે પ્રોત્સાહન મળ્યું છે. રાજ્યના ધરતીપુત્ર આત્મનિર્ભર બને તે માટે રાજ્ય સરકાર સતત પ્રયત્નશીલ રહે છે.

ગુજરાત સરકાર ખેડૂતો અને કૃષિ ક્ષેત્રના વિકાસ માટેની પ્રતિબંધતા સાથે રાજ્યભરના તમામ જિલ્લાઓમાં અનેક કલ્યાણકારી યોજનાઓનો સઘન અમલ થાય અને ખેડૂતોના સર્વગ્રાહી વિકાસનો નવો અધ્યાય શરૂ થાય તે માટે કટિબદ્ધ છે. ગુણવત્તા યુક્ત ખેત ઉત્પાદનો મેળવવાની સાથે ટકાઉ ખેતીનો અભિગમ રાજ્ય સરકારે અપનાવ્યો છે.

રાજ્ય સરકારે ગુજરાતને પ્રાકૃતિક ખેતીમાં અગ્રેસર બનાવવા અનેક પગલાં લીધા છે તેના સફળ સ્વરૂપે અને ખેડૂતો પ્રાકૃતિક ખેતી તરફ વળ્યાં છે. રાજ્યમાં પ્રાકૃતિક કૃષિ પદ્ધતિને પ્રોત્સાહન મળે તે હેતુથી રાજ્ય સરકાર દ્વારા અનેક યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે.

# મોબાઈલ વગર પાંચ દિવસીય યુવા શિબિર યોજાઇ



કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા યુવાનોના સર્વાંગી વિકાસ હેતુથી પાંચ દિવસીય ૭૧ મી શિબિર યોજાઈ જેમાં સર્વ વિદ્યાલયની ૧૯ કોલેજોમાંથી ૭૩ વિદ્યાર્થીઓ ઉત્સાહ ભેર જોડાયા હતા.

સમગ્ર શિબિર મોબાઈલથી દૂર રહી સવારે ૫:૩૦ વાગ્યાથી રાત્રે ૧૦:૦૦ વાગ્યા સુધી વિવિધ પ્રવૃતિઓ સાથે પાંચ દિવસ માટે યોજાઈ હતી જેમાં તાલીમાર્થીઓ દ્વારા મોબાઈલથી દૂર રહ્યાનો આનંદ વ્યક્ત કર્યો હતો અને તેની ઉપયોગીતા અને દુરૂપયોગીતા નો ભેદ સમજ્યા હતા.

સ્વ નેતૃત્વ થી સર્વનું નેતૃત્વ કરી શકે, સમાજ વ્યવસ્થાના પ્રશ્નોનું નિરાકરણ માટેની ચર્ચા, ટીમ વર્ક, લાઈફ સ્કીલ અને સારી આદતો, સારા વિચારો સાથે આજના યુવાનો જવાબદાર નાગરિક બની આગળ વધે તે હેતુથી કરાયો હતો. કાર્યક્રમના સમાપન સત્રમાં ફિઝિકલ એજ્યુકેશનના ડાયરેક્ટર ડો.રણછોડભાઈ રથવી જોડાયા હતા જેમણે આજના યુવાનોને શારીરિક અને માનસિક વિકાસ કઈ રીતે કરી શકાય તેનું માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. સમગ્ર શિબિર સંસ્થાના ચેરમેન શ્રી વલ્લભભાઈ એમ પટેલ સાહેબના માર્ગદર્શન હેઠળ યોજાઈ હતી.



કલોલ સ્વામિનારાયણ મંદીર પંચવટી રામનૌમી તથા સ્વામિનારાયણ જયંતી નીમિતે દ્રાક્ષનો ૨૫૧ કલો નો અનકોટ ના દર્શન હરિભક્તો તથા સંતોએ લાભ લીધો મહંત સ્વામી યજ્ઞપૃકાસદાસજી આયોજક ગુરુ સ્વામી આનંદ સ્વામી યજમાન ડાયાભાઈનારાયણભાઈ પટેલ માણસા વાળા




તા.૨-૪-૨૦૨૩ રવિવારે સવારે ૮-૦૦ થી ૧-૦૦ દરમ્યાન ચૈત્ર નવરાત્રી અનુષ્ઠાનની પૂર્ણાહુતિ નિમિત્તે વૈદિક વિવિધ ભારતીય સંસ્કાર સાથે ૨૪ કુંડીય ગાયત્રી મહાયજ્ઞ સંપન્ન થશે જેની સાથે નિઃશુલ્ક આરોગ્યલક્ષી સર્વ રોગ નિદાન શિબિરનું આયોજન ગાયત્રી પરિવાર નારણપુરા,લાયન્સ ક્લબ ઓફ અમદાવાદ જોધપુર હીલ,વિશ્વકર્મા મંદિરના સહયોગથી વિશ્વકર્મા મંદિરે,મંગલદિપવિદ્યાલય સામે,શ્રીનાથ ડેપોથી આગળનોરોડ,અખબાર નગર સર્કલ,નવા વાડજ વિસ્તારમાં કરવામાં આવ્યું છે.

# સમગ્ર ગુજરાતમાં રામ ભક્તો માટે સનાતન સંસ્થા વતીએ ગ્રંથ પ્રદર્શનનું આયોજન !



રામનવમી ના અવસરે ગુજરાત ના વિવિધ શહેરોમાં સનાતન સંસ્થા વતીએ ધર્મ, રાષ્ટ્ર, અધ્યાત્મ, બાળસંસ્કાર, આપત્કાળ, દેવી-દેવતા વિષયક,સ્વભાવદોષ- અહં નિર્મૂલન,પ્રથમોપચાર, વનસ્પતિ માવજત ઇત્યાદિ વિષયક જ્ઞાનપૂર્ણ અને ચૈતનયદાઈ ગ્રંથો પ્રદર્શનમાં મુકવામાં આવ્યા હતા.

અમદાવાદ, વડોદરા, સુરત, વલસાડ ખાતે આ પ્રદર્શનનોનું આયોજન કરવામાં આવ્યું હતું, તેનો લાભ અસંખ્ય રામ ભક્તોએ લીધો.

સનાતન સંસ્થા, ગુજરાત
સંપર્ક : ૯૯૧૩૦૬૨૦૧૪

# સમસ્ત મહાજન અને શ્રી કરૂણા ફાઉન્ડેશન ટ્રસ્ટ–એનીમલ હેલ્પલાઈન દ્વારા રાજકોટનાં મુખ્ય ચોક વિસ્તારમાં જીવદયા—ગૌસેવા શાકાહાર પ્રચાર–પ્રસારનાં વિવિધ હોર્ડિંગ્સ મૂકવામાં આવ્યા







જળ, જમીન, જન, જંગલ, જનાવર ની સુખાકારી માટે કાર્યરત વૈશ્વિક સંસ્થા સમસ્ત મહાજન તથા સમગ્ર ભારતમાં નિઃશુલ્ક પશુ સારવાર ક્ષેત્રે ટોચનું સ્થાન ધરાવતી અને જીવદયા ક્ષેત્રે ભારત સરકાર દ્વારા સર્વશ્રેષ્ઠ સંસ્થાનો એવોર્ડ મેળવનાર છેલ્લા ૧૮ વર્ષથી કાર્યરત સંસ્થા શ્રી કરૂણા ફાઉન્ડેશન ટ્રસ્ટ- એનીમલ હેલ્પલાઈન દ્વારા રાજકોટનાં મુખ્ય ચોક વિસ્તારમાં જીવદયા-ગૌસેવા શાકાહાર પ્રચાર-પ્રસારનાં વિવિધ હોર્ડિંગ્સ મૂકવામાં આવ્યા હતા.

અત્રે ઉલ્લેખનિય છે કે વૈશ્વિક સંસ્થા સમસ્ત મહાજન તથા શ્રી ફાઉન્ડેશન ટ્રસ્ટ–એનીમલ હેલ્પલાઈન દ્વારા વખતો વખત ગૌસેવા, શાકાહાર પ્રસાર–પ્રસારના અનેકો સેવાના કાર્યો કરવામાં આવે છે.

આ પ્રસંગે રાજકોટના લોકલાડીલા ધારાસભ્ય શ્રીમતી દર્શીતાબેન શાહ, અર્હમ યુવા સેવા ગ્રુપના સેતુરભાઈ દેસાઈ, પશુપાલન અને ડેરી મંત્રાલય(ભારત સરકાર)નાં માનદ સલાહકાર મિતલ ખેતાણી, સમસ્ત મહાજનના કુમારપાળ શાહ, એનીમલ હેલ્પલાઈનનાં પ્રતિક સંઘાણી, ધીરૂભાઈ કાનાબાર, ઘનશ્યામભાઈ ઠક્કર, રમેશભાઈ ઠક્કર, એડવોકેટ કમલેશભાઈ શાહ, રજનીભાઈ પટેલ, વિષ્ણુભાઈ ભરાડ, ગૌરાંગભાઈ ઠક્કર, પારસભાઈ ભરતભાઈ મહેતા ખાસ ઉપસ્થિત રહયાં હતાં.

# રામનવમીની શોભાયાત્રા દરમિયાન થયેલા પથ્થરમારામાં ૨૩ લોકો સામે નોંધાયો ગુનો

વડોદરા,તા.૩૧

વડોદરામાં રામનવમીની શોભાયાત્રા દરમિયાન થયેલી પથ્થરમારાની ઘટના સંદર્ભે ૨૩ લોકો સામે સિટી પોલીસ મથકે ગુનો દાખલ કરવામાં આવ્યો છે. જેમા ૨૦ આરોપીઓ સામે નામજોગ ગુનો દાખલ કરવામાં આવ્યો છે. પોલીસે ફરિયાદી બની પથ્થરમારો અને તોડફોડ કરનારા ટોળા વિરુદ્ધ ગુનો દાખલ કર્યો છે.

વડોદરામાં રામનવમીની શોભાયાત્રામાં ઘર્ષણ બાદ મામલો થાળે પડી ગયો છે.ફતેપુરા ગરનાળા પોલીસ ચોકી પાસે રામજીના યાત્રા દરમિયાન ઘર્ષણ થયું હતું.રામનવમી નિમત્તે વિશ્વ હિંદુ પરિષદ અને બજરંગ દળે શોભાયાત્રાનું આયોજન કર્યું હતું.વાજતે-ગાજતે નીકળેલી શોભાયાત્રા ફતેપુરા પાંજરીગર મહોલ્લા પાસે પહોંચી ત્યારે બોલાચાલી થઈ હતી.

વડોદરામાં રામનવમીની શોભાયાત્રામાં ઘર્ષણ બાદ મામલો થાળે પડી ગયો છે.ફતેપુરા ગરનાળા પોલીસ ચોકી પાસે રામજીના યાત્રા દરમિયાન ઘર્ષણ થયું હતું.રામનવમી નિમત્તે વિશ્વ હિંદુ પરિષદ અને બજરંગ દળે શોભાયાત્રાનું આયોજન કર્યું હતું.વાજતે-ગાજતે નીકળેલી શોભાયાત્રા ફતેપુરા પાંજરીગર મહોલ્લા પાસે પહોંચી ત્યારે બોલાચાલી થઈ હતી.

જો કે, તુરંત જ પોલીસ કાફલો સ્થળ પર દોડી ગયો હતો, અને પરિસ્થિતિને કાબૂમાં લીધી હતી.એક તરફ રમઝાન ચાલી રહ્યા છે.

બીજી તરફ રામનવમીની શોભાયાત્રા થવાની ત્યારે પુરતો બંદોબસ્ત પણ ગોઠવાયો હતો.જેથી ઘર્ષણ વખતે જ પોલીસે મોરચો સંભાળી લીધો.

# ગુજરાતમાં વધતા કોરોના કેસથી ફફડાટ

અમદાવાદ,તા.૩૧

ગુજરાતમાં સતત વધી રહેલા કોરોનાના કેસ હવે ચિંતા જગાવી રહ્યાં છે. જેને કારણે કોરોનાની નવી ગાઈડલાઈન બહાર પાડવામા આવી છે. ગુજરાતમાં વધતા કોરોનાને કેસોને કારણે આંતરરાષ્ટ્રીય મુસાફરો માટે નવી ગાઈડલાઈન્સ જાહેર કરાઈ છે. નવી ગાઈડલાઈન મુજબ, ચીન, સિંગાપોર, હોંગકોંગ, કોરિયા, થાઈલેન્ડ અને જાપાનથી આવનાર મુસાફરો માટે નવા નિયમો મૂકાયા છે. આ આદેશ અનુસાર, આ દેશોમાંથી આવનાર મુસઆફરો માટે આરટીપીસીઆર નેગેટિવ રિપોર્ટ હોવો જરૂરી છે. નેગેટિવ રિપોર્ટને જ એરપોર્ટ સુવિધા પોર્ટલ પર અપલોડ કરવાનો રહેશે. ગુજરાત સ્વાસ્થય વિભાગ દ્વારા અમદાવાદ અને સુરત એરપોર્ટ પર આ ગાઈડલાઈન જાહેર કરાઈ છે.

દેશમાં કોરોનાના ૩,૦૯૫ નવા કેસ નોંધાયા છે.તો રાજ્યમાં છેલ્લાં ૨૪ કલાકમાં કોરોના વાયરસના ૩૮૧ નવા કેસ નોંધાયા છે. આ સ્થિતિમાં રાજ્ય સરકારે ટેસ્ટિંગ માટેની ગાઇડલાઇન જાહેર કરી છે. જે મુજબ ૬ દેશમાંથી ગુજરાતમાં આવતા પ્રવાસીઓ માટે RTPCR ટેસ્ટ ફરિજયાત કરવામાં આવ્યો છે.ગુજરાતમાં કોરોના વાયરસનો ખતરો વધી રહ્યો છે, જેના કારણે રાજ્ય સરકારે પણ સમીક્ષા બેઠક કરી છે. ત્યારે ગુજરાતમાં કોરોનાના નવા ૩૮૧ કેસ નોંધાયા છે. રાજ્યમાં કોરોનાના કારણે એક દર્દીનું મોત થયું છે. કચ્છમાં આજે એક દર્દી કોરોના સામેનો જંગ હારી ચૂક્યો છે. જ્યારે સૌથી વધુ કેસ અમદાવાદમાં નોંધાયા છે. અમદાવાદમાં આજે કોરોનાના ૧૨૩ કેસ છે. રાજ્યમાં કોવિડ ૧૯થી સાજા થવાનો રેસિયો ૯૮.૯૬ ટકા નોંધાયો છે.

જોકે, ગાંધીનગર સ્થિત જીબીઆરસી (ગુજરાત બાયોટેકનોલોજી રિસર્ચ સેન્ટર) ખાતે એક મિહનામાં ૫૬૫ દર્દીઓના જીનોમ સિકવન્સ થયા હતા.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.

NEWS OF GANDHINAGAR_P-4